

P.09

મારા ગુરુએ ફિલ્મનું નિર્દેશન કર્યું હતું : ઐશ્વર્યા રાય


# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૪૬ I વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો સુદ ૧૪ I પાના - ૧૦ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 46 • Dt. 17-09-2024 Tuesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09

સીએમ શિંદેના ઘરે સલમાન ખાને ગણેશજીની પૂજા કરી

મુંબઈ નજીકના થાણેમાંથી એમડી ડ્રગ્સ બનાવવાનું કારખાનું ઝડપાયું

09




17
SEPTEMBER- 2024
TUESDAY




09

ઉત્તર પ્રદેશમાં વરસાદના કારણે સર્જાયેલી ઘટનાઓમાં ૧૪ના મોત







## દેશ માટે જીવીશ, ઝઝૂમીશ અને દેશ માટે ખપી જઈશ, ૧૪૦ કરોડ ભારતવાસીઓના આશીર્વાદ મારા માટે સર્વસ્વ મોદી

# વડાપ્રધાન મોદીના હસ્તે ૮૦૦૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

I માહિતી બ્યૂરો, અમદાવાદ, તા.૧૬ I

સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળ્યા પછી પહેલી વાર ગુજરાતના ત્રિ-દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પ ાટીલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

જનસભાને સંબોધતા પહેલાં વડાપ્રધાનશ્રી લોકોની વચ્ચેથી પ સાર થતાં જનમેદનીમાં હર્ષોલ્લાસ છવાયો હતો. વડાપ્રધાનશ્રીએ હજારો લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે દેશમાં ચારે તરફ ઉત્સવની ધૂમ છે. ઉત્સવના આ દિવસોમાં ભારતમાં વિકાસનું પ ર્વ પણ નિરંતર ઊજવાઈ રહ્યું છે. આજે ગુજરાતમાં રૂ. ૮૦૦૦ કરોડના પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાપ ર્ણ સંપન્ન થયું છે, જેમાં રોડ, રેલ, મેટ્રો જેવા અનેક પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, આજે ગુજરાતના હજારો પરિવારોને પ ોતાનું ઘરનું ઘર મળ્યું છે. આ પરિવારો નવરાત્રિ, દશેરા, ધનતેરસ, દિવાળી સહિતના બધા તહેવાર એટલા જ ઉમંગ અને ઉલ્લાસથી પોતાના નવા ઘરમાં ઊજવશે, એનો આનંદ છે.



## હું સરદારની ભૂમિમાંથી પેદા થયો છું,દરેક મજાક-અપમાન સહન કરતાં કરતાં ૧૦૦ દિવસ મેં દેશહિત માટે નીતિ-નિર્ણયો માટે વિતાવ્યા : મોદી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ત્રીજીવાર વડાપ્રધાનના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે જીવનની દરેક શીખ મને આપી છે અને ગુજરાતનાં દરેક નાગરિકોએ હંમેશાં મારા પર પ્રેમ વરસાવ્યો છે. ગુજરાતમાં આવીને હર હંમેશની જેમ નવી ઊર્જા મળી છે, અને મારા જોમ તથા જુસ્સો પણ વધ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૬૦ વર્ષ પછી દેશની જનતાએ નવો ઈતિહાસ રચ્યો છે. આ સરકારને સતત ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર આપ્યો છે. આ સરકારે દેશવાસીઓને ગેરંટી આપી હતી કે, ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં કેન્દ્ર સરકારે રાત-દિવસ જોયા વગર દેશના નાગરિકોની સેવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં રૂ. ૧૫ લાખ કરોડથી વધુની યોજનાઓ પર કામ શરૂ થયું છે.



### મુદ્રા લોન સ્વરોજગાર ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી

વડાપ્રધાને કહ્યું કે, આજે મુદ્રા લોન સ્વરોજગાર ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી રહ્યું છે. પહેલા ૧૦ લાખ સુધીની લોન આપવામાં આવતી હતી, જેને વધારીને હવે ૨૦ લાખ સુધીની કરવામાં આવી છે.

### યુવાનો માટે રૂ. ૨ લાખ કરોડનું પીએમ પેકેજ જાહેર કરવામાં આવ્યું

થોડાક દિવસો પહેલા જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સ્વાસ્થ્યને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ૭૦ કે તેથી વધુની ઉંમરના તમામ લોકોને પાંચ લાખ સુધીની નિશુલ્ક સારવાર આપવાની ગેરંટી પૂરી કરવામાં આવી છે. છેલ્લા ૧૦૦ દિવસમાં યુવાનો માટે નોકરી, સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં મહત્વપ ૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. યુવાનો માટે રૂ. ૨ લાખ કરોડનું પીએમ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનો ફાયદો ચાર કરોડથી વધુ યુવાનોને થવાનો છે.

**જનતાને આપી મોટી** વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી : વિદ્યાર્થીઓ સાથે ચર્ચા પણ કરી

# અમદાવાદ-ગાંધીનગરને જોડતી મેટ્રોનું મોદીએ લોકાર્પણ કર્યું

I બ્યુરો, ગાંધીનગર, તા.૧૬ I

પ્રધાનમંત્રી મોદીએ અમદાવાદ અને ગાંધીનગરની જનતાને આજે મોટી ભેટ આપી છે. તેઓએ અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રોનું લોકાર્પણ કર્યું છે. ગાંધીનગરના સેક્ટર ૧ સ્ટેશનથી વડાપ્રધાને ગાંધીનગરથી અમદાવાદ સુધી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપી હતી. વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી હતી. આ સાથે જ તેમણે કેટલાક વિદ્યાર્થીઓ સાથે આ સફર દરમિયાન ચર્ચા પણ કરી હતી. આ સફરમાં તેમની સાથે





રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ હાજર રહ્યા હતા.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (ય્સ્ઈઝ્ર) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ કરાયો છે. અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં મેટ્રો ફેઝ ૧ નું લોકાર્પણ કર્યું હતું. ફેઝ ૧ ના ઉત્તર - દક્ષિણ મેટ્રો કોઈડોરનું વિસ્તરણ એટલે મેટ્રો ફેઝ ૨. મેટ્રો ટ્રેન હવે છઁસ્ઝ્રથી મોટેરા લાઈન ગાંધીનગર સુધી જશે. પીએમ મોદીએ મેટ્રો ફેઝ-૨ના ૨૦.૮ કિમીના કોરિડોરનું લોકાર્પણ કર્યું છે.

અમદાવાદથી ગાંધીનગર મેટ્રો ટ્રેનમાં કુલ ૮ સ્ટેશન આવશે. ય્દ્ગેં, રાયસણ, રાંદેસર, ધોળકુવા સર્કલ, ઈન્ફોસીટી, સેક્ટર ૧, ય્ૈંહ્લ્ અને ગિફ્ટ સીટીનો સમાવેશ થાય છે. મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર જવા માટે મેટ્રોનું ટાઈમટેબલ જાહેર કરી દેવામાં આવ્યું છે. મોટેસા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સેક્શન ૧ મેટ્રો સ્ટેશન અને સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ સુધીનું ટાઈમ ટેબલ જાહેર કરાયું છે. તો જીએનએલયુથી ગિફ્ટ સિટી અને ગિફ્ટ સિટીથી જીએનેલયુ માટેનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટ્રેન સેવા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે.









CMYK

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


### મંદિરમાં માઈ ભક્તોની લાંબી લાઈનો જોવા મળી

# ભાદરવી પૂનમના મહામેળાના પાંચમા દિવસે અંબાજીમાં માઇભક્તોનું મહેરામણ ઉમટયું

**મહાકુંભનાં ચોથા દિવસે ૯૮૫૨૧ લોકોએ વિના મૂલ્યે ભોજનનો લાભ લીધો । ૬૬૨ ધજા મંદિરમાં શિખર પર ચઢાવાઈ**

। પ્રતિનિધિ, અંબાજી, તા.૧૬ ।

આજે ભાદરવી પૂનમ મહામેળાનો પાંચમો દિવસે અંબાજી ધામમાં માઈ ભક્તોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર અંબાજી મંદિર સહિત મંદિરની રેલીંગો ભક્તોથી ઉભરાઈ હતી. ભાદરવી મહાકુંભનો ચોથા દિવસે ૬,૪૮,૫૪૫ ભક્તોએ દર્શન કર્યા હતા. ચાર દિવસમાં કુલ ૧૬,૩૬,૮૦૭ ભક્તોએ ચાર દિવસમાં માતાજીનાં દર્શન કર્યા હતા. મહાકુંભનાં ચોથા દિવસે ૯૮૫૨૧ લોકોએ વિના મૂલ્યે ભોજનનો લાભ લીધો હતો. ચોથા દિવસે ૩,૬૦,૮૬૩ લોકોએ મોહનથાળનાં પ્રસાદનો લાભ લીધો હતો. ચોથા દિવસે ૬૬૨ ધજા મંદિરમાં શિખર પર ચઢાવી હતી. આજે સવારથી શક્તિપીઠ અંબાજી ખાતે માનવ મહેરામણ ઉમટ્યું હતું.





ભાદરવી પૂનમનાં મેળાનો આજે પાંચમો દિવસ છે. ત્યારે અંબાજીનાં રસ્તાઓ માં અંબાનાં જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. પગપાળા અંબાજી આવતા યાત્રીકોમાં સતત વધારો થઈ રહ્યો છે. બનાસકાંઠાનાં માર્ગો જાણે ભક્તિમય બન્યા છે. ગામે ગામથી માનતા પૂરી કરવા ભક્તો પગપાળા આવ્યા હતા. વિવિધ સંઘો ધજા સાથે મંદિરે પહોંચ્યા હતા. ચાચર ચોકમાં ભક્તો દંડવત પ્રણામ કરતા માં નાં ધામમાં આવ્યા હતા.

માં અંબાનાં ધામમાં ભક્તોનું ધોડાપૂર ઉમટ્યું હતું. અંબાજી પહોંચવાનાં માર્ગો જય જય અંબેના નાદથી ગુંજ્યા હતા. દૂર દૂરથી પગપાળા સંઘ અંબાજી પહોંચી રહ્યા છે. ૫૨ ગજની ધજા લઈ ભક્તો અંબાજી પહોંચી રહ્યા છે. પ્રતિવર્ષ ભક્તો માનાં દર્શને ભાદરવી પૂનમ ભરવા જાય છે. ભક્તોનાં મનોરંજન માટે વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જય જલિયણ કેમ્પમાં ભક્તો માટે સંગીતનું આયોજન કરાયું છે. સરદાર પટેલ સેવા કેમ્પમાં પણ ભક્તો માટે સંગીતનું આયોજન કરાયું છે. વિવિધ કલાકારોને આમંત્રણ અપાયું છે. ભક્તો સંગીતનાં તાલે ગરબે ધુમ્યા હતા.

અંબાજીમાં મેળાનાં ચોથા દિવસે ૬.૫૦ લાખ લોકોએ માં અંબાનાં દર્શન કર્યા હતા. કુલ ચાર દિવસમાં ૧૬ લાખ ભક્તોએ દર્શન કર્યા હતા. મંદિરમાં માઈ ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. આરતીમાં જોડાઈને ભક્તોએ ધન્યતા અનુભવી હતી. રંગબેરંગી લાઈટોનાં શણગારથી અંબાજી મંદિરનો નજારો જોવા મળ્યો હતો. મંદિરનાં શિખરથી ચાચર ચોક સુધી રંગબેરંગી લાઈટો લગાવાઈ હતી. ચાચર ચોકમે વિવિધ ફૂલો દ્વારા સજાવવામાં આવ્યું હતું. માતાજીની ભક્તિ અને આરાધનાં કરતા ભક્તો જોવા મળ્યા હતા. બનાસકાંઠાનાં માર્ગો જાણે ભક્તિમય બન્યા છે. ગામે ગામથી માનતા પૂરી કરવા ભક્તો પગપાળા આવ્યા હતા.

## બનાસકાંઠામાં અંબાજી નજીક અકસ્માતમાં ૬ લોકોના કરૂણ મોત

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૧૬ ।

બનાસકાંઠામાં અંબાજી નજીક સિરોહીમાં ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે સિરોહી રિફર કરાયા છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.સિરોહી તાલુકામાં અંબાજી નજીક પાલી જિલ્લામાંથી મજૂરી કરીને ૧૫ લોકો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ટ્રક અને વાહન વચ્ચે ટક્કર થતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માત પિંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારના કંટાલ પાસે સર્જાયો હતો. જેમાં ૬ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે તેવી માહિતી મળવા પામી છે. તમામ ઘાયલોને પ્રાથમિક સારવાર માટે પિંડવાડાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે સિરોહી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો અને ઈજાગ્રસ્તો ઝાડોલ અને ગોગુંદાના રહેવાસી છે.

## રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાંથી ૧૫ કિલો ગાંજા ૨ શખ્સ સાથે ઝડપ્યા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૬।

રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાંથી રાજકોટ એસઓજીએ ૫૧ કિલોથી વધુનો ગાંજો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાંથી રાજકોટ એસઓજીએ બાતમીના આધારે ૨ શખ્સને ગાંજા સાથે ઝડપ્યા હતા. જેમાં પોલીસે ૫૧.૮૬૦ કિલોનાં મુદ્દામાલ સાથે ૨ને ઝડપી પાડ્યા હતા. તેમજ ૫ લાખથી વધુના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં રફીક જુણેજા અને અસ્લમ સૈયદ નામના શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે ૫ લાખ ૨૯ હજાર ૭૦૦નાં મુદ્દામાલ સાથે બેની ધરપકડ કરી છે. પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એક્ટ અંતર્ગત ગુનો નોંધવામાં આવ્યો છે.સુરતના સાયણમાંથી ગાંજો ઝડપાયો છે. એવરવિલામાં આવેલ દુકાનમાંથી સુરત એસઓજીને રેડ પાડતા ગાંજો મળી આવ્યો છે.

## જામનગરમાં દુખદ દુર્ઘટના! ૪ બાળકો તળાવમાં ન્હાવા જતાં ડૂબ્યાં

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૬ ।

જામનગરનાં આલિયાબાડા તળામાં ૪ બાળકો નાહ્વા પડ્યા હતા. તળાવમાં નાહ્વા પડ્યા હતા. જામનગર ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર વિભાગ દ્વારા ૪ માંથી ૧ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકનાં મોતનાં સમાચાર પરિવારજનોને મળતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. ચાર દિવસ અગાઉ ગણેશ વિસર્જનમાં ડૂબવાથી વધુ ૮ લોકોના મોત થયા હતા. આ ઘટના દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે બની હતી. મેશ્વો નદીમાં ગણપતિની મૂર્તિ વિસર્જન કરવા ગયેલા યુવકોમાંથી ૧૦ લોકો નદીમાં ડૂબ્યા હતા. જેમાંથી ૮ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે.આ ઘટનામાં એ પણ જાણવા મળ્યું છે કે ૧ યુવકને બચાવવા અન્ય યુવકો પડ્યા હતા. ૮ મૃતકમાંથી ૭ લોકો વાસણા સોગઢી ગામના રહેવાસી હોવાનો ખુલાસો થયો છે, જ્યારે અન્ય ૧ કપડવંજ તાલુકાના વાઘાવત ગામનો રહેવાસી હોવાનો ખુલાસો થયો છે.

## ૫ વર્ષની બાળકી સાથે નરાધમે દુષ્કર્મ આચરતા ધારીમાં મચી ચકચાર

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૬ ।

અમરેલીમાં ૫ વર્ષની બાળકી સાથે અડપલા કરી તેની સાથે દુષ્કર્મ આચનાર આરોપીને પોલીસે ઝડપી લીધો છે. આ ઘટનામાં પોલીસે આરોપી સામે પોક્સો અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છેઅમુક ઘટનાઓ એવી ઘટે કે સમાજમાં લાલબત્તી સમાન હોય છે.. તાજેતરમાં અમરેલીમાં જે ઘટના ઘટી તે બાળકીઓની સુરક્ષાને લઈને ચિંતામાં મુકે તેવી છે. .. કાળજુ કંપાવી દેનારી આ ઘટનામાં અમરેલી જિલ્લાના ધારી ખાતે ૫ વર્ષની નાની બાળકી સાથે આધેડ નરાધમે અડપલા કરી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ધારી ગામે ફ્રૂટની લારી ધરાવતા હિંમત બોસમીયા નામના નરાધમે આ કૃત્ય આચર્યુ હતું. આરોપીએ ગઈકાલે બપોરે ધારીની લોજમાં કામ કરતી મહિલાની ૫ વર્ષની બાળકી સાથે અડપલા કરી દુષ્કર્મ આચર્યુ હતુ.

## સુરતમાં મચ્છરે લીધા ૨ લોકોના જીવ, ૧૩ લાખ ઘરમાં સરવે કરાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૬ ।

સુરતને રોગચાળાએ બાનમાં લીધુ છે. શહેરમાં પાણીજન્ય તેમજ મચ્છરજન્ય રોગચાળોમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે તેમજ ૨ લોકોના મોત પણ થયા છે. અત્રે જણાવીએ કે, સપ્ટેમ્બર મહિનામાં મેલેરિયાના ૮૫, ડેગ્યુના ૪૯ કેસ નોધાયો છે.

સુરતમાં વકરેલા રોગચાળાના પગલે કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ પણ હાથ ધરાઈ હતી. જેને લઈ સુરત મહાનગરપાલિકાના નાયબ આરોગ્ય અધિકારી જયસુખ વાગડીયાએ જણાવ્યું કે, ગત મહિનામાં ૨૬ લાખ ઘરોમાં સર્વે થયો હતો. જેમાંથી ૬૬ હજાર ઘરોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાન મળ્યા છે. ચાલુ મહિનામાં ૧૩ લાખ ઘરોમાં સર્વે કરાયા છે.

વધુમાં કહ્યું કે, ૪ હજાર મચ્છર ઉત્પત્તિ સ્થાન આઈડેન્ટિફાઈ થયા હતા. જ્યારે ૩૯ લાખ લોકો પાસેથી વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો છે. તો ૮૬૮ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. મચ્છરના ઉદ્ભવ સ્થાન મળ્યા હોય તેવા ૯૦૦૦ લોકોને નોટિસ પાઠવવામાં આવી છે. હાલ લોકપ્રતિનીધીનાં સંપર્કમાં રહેવાનો નિર્ણય કર્યો છે. તેમજ દરેક લોકપ્રતિનિધિને કોલ કરી તેમના વિસ્તારમાં કોઈ ફરિયાદ છે કે નહીં તે બાબતે પૂછવામાં આવશે.

### અધિકારીઓને માહિતી મળી જતા ત્રણ કન્ટેનરો જપ્ત કર્યા

# મુન્દ્રા પોર્ટ પરથી સા. આફ્રિકા મોકલવા માટેની ૧૧૦ કરોડની પ્રતિબંધિત ટેબ્લેટ ઝડપાઇ

। પ્રતિનિધિ, ભુજ, તા.૧૬ ।

કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી કસ્ટમ વિભાગ દ્વારા ચાર કન્ટેનરમાં ભરેલો પ્રતિબંધિત ટ્રામાડોલ ટેબ્લેટનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજાર કિંમત ૧૧૦ કરોડ રૂપિયા થવા જાય છે. પ્રતિબંધિત દવાનો આ જથ્થો સાઉથ આફ્રિકામાં મોકલવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.રાજકોટના મર્ચન્ટ એક્સપોર્ટર દ્વારા જુલાઈ મહિનાના અંતમાં સાત કન્ટેનરો સાઉથ આફ્રિકા માટે નિકાસ કર્યા હતા. જોકે મુન્દ્રા કસ્ટમના સ્પેશિયલ ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને માહિતી મળી જતા ત્રણ કન્ટેનરો જપ્ત કર્યા હતા.જેમાં ૧૦૦ કરોડની પ્રતિબંધિત ટેબલેટો મળી આવી હતી આ કેસની તપાસ ચાલુ રાખવામાં આવતા કસ્ટમને એવી માહિતી મળી હતી કે, અગાઉ ચાર કન્ટેનરો સાઉથ આફ્રિકામાં દરિયાઈ માર્ગે જવા માટે નીકળી ગયા છે કસ્ટમ વિભાગે સાઉથ આફ્રિકાના પોર્ટનો સંપર્ક કરીને ચાર કન્ટેનરો પરત મોકલવા લેખિતમાં જાણ કરી હતી. આ ચાર કન્ટેનરો મુન્દ્રા કસ્ટમમાં પરત આવતા કસ્ટમ વિભાગે ચાર કન્ટેનરમાંથી પ્રતિબંધિત દવાઓ જપ્ત કરી છે. જેની ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ૧૧૦ કરોડ થવા માટે જાય છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૧૦ કરોડની પ્રતિબંધિત દવાઓ કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.

અતિ મહત્વની બાબત એ છે કે ચાર કન્ટેનર નીકળી ગયા છતાં કસ્ટમ વિભાગને જાણ થઈ નહીં. આ કેસની તપાસ હજુ ચાલી રહી છે અને કસ્ટમ વિભાગે ગાંધીધામ,રાજકોટ અને ગાંધીનગરમાં દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો જપ્ત કર્યા છે. આ પ્રતિબંધિત ટેબલેટ નાર્કોટિક્સ એક્ટમાં આવતી હોવાથી એક્સપોર્ટ કરી શકાતી નથી. તેમ છતાં અન્ય દવાઓના નામના ડેકલેરેશન કરીને પ્રતિબંધિત દવાઓ એક્સપોર્ટ કરવામાં આવતી હતી. આ દવાઓનો ઉપયોગ સાઉથ આફ્રિકાના જંગલોના રક્ષણ માટે ફરજ બજાવતા કમાન્ડો ઉપયોગ કરતા હોય છે જેના કારણે એ લોકોની ફિટનેસ સારી રહે છે અને લાંબા સમય સુધી કામ કરી શકે છે તેમ જ તેઓને ઊંઘ આવતી નથી.




### રોજગારીની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું

# ૧ કરોડ યુવાનોને ૫૦૦ કંપનીઓમાં ૧ વર્ષની ઇન્ટર્નશીપ અપાશે: મંત્રી મનસુખ માંડવિયા

## આગામી ૫ વર્ષમા ૨ લાખ કરોડ ઇન્વેસ્ટ કરીને ૪ કરોડ રોજગારીનું નિર્માણ કરવામા આવશે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૬ ।

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા રાજકોટ આવ્યા હતા. જ્યાં પશ્ચિમના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દમણ અને દીવ તથા દાદરા અને નગર હવેલી તથા લક્ષદ્વીપની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી હતી.







આ કાર્યક્રમમાં પહોંચતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતુ કે, વર્તમાન બજેટ યુવાનોને રોજગારી માટેનું રહ્યું હતું. આગામી ૫ વર્ષમા ૨ લાખ કરોડ ઈન્વેસ્ટ કરીને ૪ કરોડ રોજગારીનું નિર્માણ કરવામા આવશે. જેમાં દેશનાં ૧ કરોડ યુવાનોને દેશની ૫૦૦ પ્રીમિયમ કંપનીઓમાં ૧ વર્ષ માટે ઈન્ટર્નશીપ આપવામાં આવશે. બેઠકમાં શ્રમ અને રોજગાર સચિવ સુમિતા દાવરા ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં કૌશલ્ય નિર્માણ માટે પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જેની સમીક્ષા આજે થવાની છે. ૧ કરોડ યુવાનો પ્રીમિયમ ઈન્સ્ટિટ્યુટની અંદર ઈન્ટરશીપ કરે એટલે કે ત્યાં વર્લ્ડ ક્લાસ પ્રેક્ટિસ કરી શકે. તેઓ જ્યારે કંપનીમાં નોકરી કરવા માટે જશે ત્યારે ઈન્ટરનેશનલ કક્ષાનું વર્ક કલ્ચર ડેવલપ થશે. આ સાથે જ દેશના યુવાનોને રોજગારી માટે સિંગલ વિન્ડો સર્વિસ સિસ્ટમનો લાભ મળશે. જે માટે નેશનલ કેરિયર સર્વિસ પોર્ટલનો પ્રારંભ કરવામાં આવેલો છે.અત્યાર સુધીમાં ૩૦ લાખ કંપનીઓ આ પોર્ટલ ઉપર જોડાઈ છે. જેમાં કંપનીઓને જે પ્રકારની સ્કીલની જરૂરિયાત હોય તે બાબતની માહિતી અપલોડ કરે છે અને જે યુવાનો પાસે આ સ્કિલ હોય તેઓ તેમાં રજીસ્ટ્રેશન કરાવી તે કંપની સાથે જોડાઈ શકે છે. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં લેબર રીફોર્મને લઈને સમીક્ષા બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. પશ્ચિમ ઝોનમાં આવેલા રાજ્યો આ કોન્ફરન્સના માધ્યમથી તેમના રાજ્યોનું પરફોર્મન્સ તેમજ તેમના રાજ્યોનો રીવ્યુ વગેરે માટે આજની બેઠક યોજવામાં આવી છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે આ બેઠકનું આયોજન ભારત સરકાર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલી મુખ્ય ૫ હેલો પર સહયોગને મજબૂત કરવા પર ચર્ચા કરવા માટે કરાયું હતું. જેમાં શ્રમ સુધારાઓ, અસંગઠિત કામદારો,મકાન અને અન્ય નિર્માણ કામદારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે તથા રોજગારીની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.આ બેઠક ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી ચર્ચાવિચારણાની શ્રેણીનો એક ભાગ છે. જેની શરૂઆત બેંગાલુરુમાં કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, કેરળ, પુડુચેરી અને આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહોના દક્ષિણી રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પ્રથમ પ્રાદેશિક બેઠકના આયોજન સાથે થઈ હતી.

### વલસાડ પોલીસે બાતમીના આધારે આરોપીને દબોચી લીધા

# દાગીના ચમકાવી આપવાની લાલચ આપી ચોરી કરતી બે ગેંગોને પોલીસે ઝડપી પાડી

। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૬ ।

આજકાલ ઘરે બેઠા દાગીના ચમકાવી આપનારા લોકો ઠેર ઠેર ફરતા હોય છે. પરંતુ આવા ગઠિયા દાગીના ચમકાવી આપવાની લાલ આપી તમારા ઘરે આવેતો ચેતી જજો અને તાત્કાલિક પોલીસને જાણ કરજો. આવા ધુતારા ઉપર વિશ્વાસ કરવો ભારે પડી શકે છે. આવા ઠગબાજો દાગીના ચમકાવવાને બદલે દાગીના પર હાથ ફેરો કરીને ફરાર પણ થઈ શકે છે. આવી જ એક ઘટના વલસાડમાંથી સામે આવી છે. વલસાડ જિલ્લા પોલીસે દાગીના ચમકાવી આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી બે ગેંગોને દબોચી લીધી છે. બનાવની વિગતો જોઈએ તો, વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને ભોળવી અને સોનાના દાગીના ચમકાવી આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી એક ગેંગ સક્રિય થઈ હતી. ગણેશ મહોત્સવ દરમિયાન પોલીસની ટીમો વિવિધ ગામોમાં જઈ ગણેશ પંડાલોમાં લોકોને દાગીના ચમકાવી આપતી આવી કોઈ ગેંગના શંકાસ્પદ લોકો ધ્યાનમાં આવે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચનો કર્યા હતા. સાથે જ આ વિસ્તારના ગામડાઓના સરપંચોનો પણ એક ગ્રુપ બનાવી અને તેમના ગામમાં કોઈ આવી ગેંગ ફરતી હોય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા પણ જણાવ્યું હતું.

# સ્પેશિયલ પ્લાન્ટેશન ‘એક પેડ માં કે નામ‘ ડ્રાઇવનું આયોજન કરાશે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

‘વિશ્વ પર્યાવરણ દિવસ‘ની ઉજવણી સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિક સ્વરૂપે શરૂ કરવામાં આવેલ ‘‘એક પેડ માં કે નામ‘‘ અભિયાનને વધુ વેગ આપવાના ઉમદા હેતુથી તેમજ વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ નિમિત્તે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સમગ્ર દેશમાં એક દિવસીય સ્પેશિયલ પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન કરવા આવશે.આ અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ વિધાનસભાના અધ્યક્ષ સહિત મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં સચિવાલય સંકુલ,ગાંધીનગર ખાતે સવારે ૯:૪૫ કલાકે રાજ્યકક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓની સાથે ‘એક પેડ માં કે નામ‘ અભિયાન અંતર્ગત સચિવાલય ગેટ નં -૪થી પ્રવેશતા ડાબી બાજુએ અને પાર્કિંગના પાછળના ભાગે વૃક્ષારોપણ કરવામાં આવશે.






## તંત્રી લેખ..

# કુપોષણનુ દુષણ જારી

ભારતમાં સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પણ કુપોષણનુ દુષણ રહ્યુ છે જે ચિંતાની બાબત છે. દેશમાં તમામ સરકારો આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેતી રહી છે પરંતુ આ દુષણ હજુ જારી રહ્યુ છે. એકબાજુ ભારત દુનિયાના બીજા સૌથી મોટા ખાદ્યાન્ન ઉત્પાદક દેશ તરીકે છે તો બીજી બાજુ કુપોષણના આંકડા વિચારણા કરવા માટે મજબુર કરે છે. વિકાસના તમામ મોટા મોટા દાવા છતાં ભારત હજુ પણ ભુખમરા અને ગરીબી જેવી મુળભુત સમસ્યામાં ગ્રસ્ત છે. આ બંને સમસ્યાને દુર કરવાના પ્રયાસ યુદ્ધના સ્તરે કરવામાં આવી રહ્યા હોવા છતાં પરિણામ ૧૦૦ ટકા મળી રહ્યા નથી. સમય સમય પર થનાર અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ પ્રકારની સારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હોવા છતાં દેશમાં ભુખમરા અને ગરીબી પર લગામ લગાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા વ્યાપક સ્તર પર ખાદ્ય સુરક્ષા અને ગરીબી વિરોધી કાર્યક્રમ ચલાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં પુરતા પ્રમાણમાં પરિણામ મળી રહ્યા નથી. તમામ પ્રકારની યોજનાનો લાભ લેનાર લોકો અને નહીં લેનાર લોકોની સંખ્યામાં ખુબ અંતર છે. જે સાબિત કરે છે કે પ્રાથમિકતાના સ્તર પર કમી જોવા મળે છે. દેશમાં એક તૃતિયાંશ કરતા વધારે બાળકો આજે પણ કુપોષણના શિકાર થયેલા છે. અમે ખુશ થઇ શકીએ છીએ કે છેલ્લા એક દશકના ગાળામાં કુપોષણમાં ઘટાડો થયો છે. પરંતુ સંપૂર્ણ ચિત્ર પર નજર કરવામાં આવે તો હજુ નિરાશા હાથ લાગે છે. ખુશી સ્થાયી થઇ શકે તેમ નથી. સામાન્ય રીતે અમારે ત્યાં સામાન્ય કુપોષણગંભીર રીતે કુપોષણ એક મહામારી તરીકે દેખાય છે. કુપોષણ ભારતમાં એક મહામારીની જેમ મોટી સંખ્યામાં બાળકોને તેના સકંજામાં આવી લે છે. આ સમસ્યાને હાથ ધરવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા પુરતા અસરકારક સાબિત થઉ રહ્યા નથી. ભુખમરાની સામે લડાઇમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, વૈશ્વિક સંગઠનો અને સ્થાનિક તંત્ર પોત પોતાની રીતે કામ કરે તે જરૂરી છે. તમામ સંબંધિતો પોત પોતાના કાર્યક્રમોને વધારે સારા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કેટલાક રિપોર્ટ તો સાફ શબ્દોમાં ઈશારો કરે છે કે પુરતા પ્રમાણમાં પોષણની ખાતરી કરવામાં દેશ નિષ્ફળ છે. અલબત્ત કુપોષણના સ્તરને ઘટાડી દેવા માટેના પ્રયાસમાં કેટલાક સ્તરમાં ઘટાડો થયો છે. ગંભીર રીતે કુપોષણનો શિકાર રહેલા બાળકોની ટકાવારી વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮ ટકા હતી તે હવે ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૮.૪ ટકા જેટલી થઇ હતી. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ૩૫.૭ ટકાની આસપાસ છે. જેમાં બિહારમાં સંખ્યા સૌથી વધારે ૪૮.૩ ટકાની આસપાસ છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મેઘાલય અને અન્ય રાજ્યો આવે છે. કુશળ મેનેજમેન્ટવાળા રાજ્યોમાં કેરળ, ગોવા, મેઘાલય તમિળનાડુ અને અન્ય રાજ્યો છે. જે રાજ્યોમાં સરકાર પરિવાર નિયોજન, જન્મ આરોગ્ય કાર્યક્રમની અવગણના કરી રહી છે ત્યાં કુપોષણની સમસ્યા સૌથી વિકટ અને ગંભીર બનેલી છે.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઇને વધારે સાવધાન થઇ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઇમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઇટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઇ રહી છે. તબીબો કહે છે કે આઇસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઇ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઇટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઇફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઇબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઇવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઇવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઇન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઇ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યુ છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઇને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**૨૪મે શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ**

**કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી.**

# શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ

**૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે. તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૯મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો.**

કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી. ૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૯મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે.

તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૯મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો. અન્ય અંગ્રેજી નામોમાં પોક્સ, સ્પેકલ્ડ મોન્સ્ટર અને રેડ પ્લેગનો સમાવેશ થાય છે. અઢારમી સદીના મધ્યભાગમાં યુરોપમાં કાઉપોક્ષ નામનો રોગ ગાયોમાં સંક્રાંત થયા પછી વિશાળ માત્રામાં માણસોમાં ફેલાતો હતો. 'વાકા' લેટિન શબ્દો અર્થ ગાય થાય છે, જે પરથી વેસિનિટ આ રોગ માટે જાણીતો શબ્દ બન્યો. અગાઉ શીતળાના રોગથી ઘણા લોકોના મૃત્યુ થયા હતા. જે સઘન રસીકરણ પછી હવે વિશ્વમાં ક્યાય શીતળાનો રોગ દેખાતો નથી. તેનો શ્રેય શીતળાની રસીના શોધક ડો.એડવર્ડ જેનરના ફાળે જાય છે.



વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ના ૧૯૬૭માં બહાર પાડેલા એક ચોંકાવનારા સર્વેક્ષણ-સંશોધન મુજબ અઢારમી સદીના અંત સુધીમાં યુરોપ અને અમેરિકાના કુલ છ કરોડ લોકો એકલા શીતળાના રોગથી માર્યા ગયા હતા. ૧૭૨૧માં એમેરિકાના બોસ્ટન શહેરની અડધી વસ્તી શીતળા ગ્રસ્ત હતી, જેમાં દસે એક વ્યક્તિ આ મહામારીમાં મૃત્યુ પામી હતી. ૧૭૪૯માં ઈંગ્લેન્ડના ગ્લોટશાયર કસબામાં એક પાદરી પિતાના ઘરે જન્મેલા, એડવર્ડ જેનરે ચિકિત્સાશાસ્ત્રનું વ્યવહારિક જ્ઞાન લંડનના સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાંથીએ સમયના મહાન સર્જક જોન હન્ટરના માર્ગદર્શન નીચે મેળવ્યું હતું. વેસિનિયાએ ગહન અધ્યયન અને સંશોધન પોતાના પરામર્શદાતા અને પથદર્શક ગુરૂ ડો.જોન હન્ટરના માર્ગદર્શન નીચે કર્યું. બધા મળીને કુલ ૨૭ કાઉપોક્ષ રોગીઓનો ક્રમીક ઈતિહાસ અને વિવિધ પરીક્ષણો કર્યા. તેઓએ નોંધ્યું કે કાઉપોક્ષના દર્દીઓને શીતળાનો રોગ થયો નહી. કેટલાક રોગગ્રસ્ત દર્દીઓની ભુજા પર શીતળાના કીટાક્ત દ્રવ્યો (વાઈરસયુક્ત પ્લાઝમા)ને ઈજેક્ટ કરીને જોયું કે તેમને શીતળાનો રોગ બિલકુલ થયો નહીં. ૧૭૯૬માં ડો.જેનરે એક મહત્વના પરીક્ષણ માટે જેમ્સ ફિપ્પ નામના આઠ વર્ષના એક બાળકને તેના માતા-પિતાની મંજૂરી લઈને શીતળાની રસીના મહત્વપૂર્ણ નિર્ણાયક પરીક્ષણ માટે તૈયાર કર્યો. કાઉપોક્ષના વાઈરસનો તેના શરીરમાં દાખલ કરી બિમાર બનાવ્યો. થોડા સમય પછી શીતળાના વાઈરસને તેના શરીરમાં દાખલ કરી નિરીક્ષણ કર્યું તો માલૂમ પડયું કે બાળકને શીતળાનો રોગ બિલકુલ લાગુ ન પડયો. બ્રિટીશ સરકારે તેમને માનવ કલ્યાણ અર્થે શોધેલી શીતળા વિરોધી રસીના સંદર્ભે નાઈટહુડ ખિતાબ તથા સમગ્ર વિશ્વે તેમનું અમુલ્ય બહુમાન કર્યું. ૧૮૦૦થી ૧૯૪૭ સુધી બ્રિટીશ સરકારે પબ્લીક હેલ્થ અને વેકિસનેસન પોલીસી અંતર્ગત ભારતમાં જન્મતા પ્રત્યેક બાળકને શીતળાની રસી મુકવાનો કાર્યક્રમ ઘડયો. સ્વતંત્ર ભારતમાં ઈન્ડીયન નેશનલ સ્મોલ-પોક્ષ ઈરેડિકેશન પ્રોગ્રામ તળે ભારત સરકારે રસીકરણના ભગીરથ પ્રયત્નો કર્યા. ૧૯૪૭થી ૧૯૭૭ સુધી કંટ્રોલ અને ઈરેડિકેશન પ્રોગ્રામ ઓફિ સ્મોલપોક્ષ અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ વિશાળ માત્રામાં પ્રત્યેત ઘરે ઘરે ફરીને રસીકરણ કર્યા, જેની ફુલશ્રુતિ સ્વરૂપે ૧૯૭૭માં ભારતમાંથી અને સમગ્ર વિશ્વમાંથી શીતળાનો મહાવિનાશક ચેપ ગ્રસ્ત રોગ સદાયને માટે વિદાય થઇ ગયો. શીતળાનો ઈતિહાસ દસેક હજાર વર્ષ પુરાણો છે. ઈજિપ્તના રાજવી રામસે પંચમાનુ મમી ખોલ્યું, ત્યારે તેના ચહેરા પર પણ શીતળાના ચિહ્નો હતા. ચીનના પ્રાચીન ગ્રંથો અને આપણા સંસ્કૃત પાઠોમાં શીતળાનો ઉલ્લેખ છે. એટલે કે સદીઓ સુધી ધરતીના સાતેય ખંડો પર રાજ કરવાનું કામ આ રોગચાળાએ કર્યું હતું. પણ એડવર્ડ જેનરે શોધેલાં બે ટીપાંએ હજારો વર્ષ જૂનો શીતળાનો ઈતિહાસ મીટાવી દીધો. એડવર્ડ જેનરે શીતળાની રસી બનાવી જેનાથી એ વખતે જગતમાં દર વર્ષે લગભગ ચાર લાખ લોકો મૃત્યુ પામતા હતા. ઈંગ્લેન્ડનાં તો પાંચ રાજવીઓ શીતળાને કારણે સ્વર્ગ-નર્કમાં પહોંચી ગયા હતા. ૧૭૨૧માં અમેરિકાના બૉસ્ટન શહેરમાં શીતળાનો રોગચાળો ફેલાતા શહેરની અડધી વસતીને ચેપ લાગ્યો હતો. જેને શીતળા થાય એ પૈકીના ત્રીજા ભાગના દરદી જીવ ગુમાવતા હતા અને જે જીવતા એ કદરૂપા બની જતાં. શીતળાના ચાંઠા તેની કાયાને કંચનમાંથી કથીર જેવી બનાવી દેતાં હતાં. ભારતમાં શીતળાનો ત્રાસ અને તેની માન્યતાઓ કંઈ અજાણી નથી. એવા સંજોગો હતા ત્યારે એડવર્ડે માત્ર શીતળાની રસી શોધી એવુ નથી, રસીકરણની શરૂઆત જ તેમણે કરી. આજે વપરાતો શબ્દ 'વેક્સિનેશન' પણ તેમની જ દેન છે. લેટિન શબ્દ 'વાકા'નો અર્થ 'ગાયમાંથી આવેલું' એવો થતો હતો. તેના પરથી એડવર્ડે શબ્દ આપ્યો જેનરની મેથડ ઈંગ્લેન્ડ બહાર નીકળી યુરોપના અન્ય દેશોમાં ફેલાઈ ગઈ. યુરોપભરના ડૉક્ટરો એડવર્ડને પત્ર લખી રસી મંગાવવા લાગ્યા, શીતળાના દરદીઓને આપવા લાગ્યાં અને ઠેર ઠેર તેનાં સારાં પરિણામો આવવા લાગ્યાં. એટલાન્ટિક પાર કરીને રસી અમેરિકા પહોંચી.



**નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે**

**શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે**

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઇ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઇ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઇ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઇ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઇની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઇ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી



પૈકી અડધી વસ્તી બિમાર થઇ ગઇ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઇ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી જ લોકોના મોત થઇ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઇની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઇને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઇને શીખે છે તો તેને ફાયદો થઇ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઇ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઇ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઇ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઇ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઇ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. અમેરિકામાં હવાની ગુણવત્તાને સુધારી દેવાના પ્રયાસો અવિરત રીતે કરવામાં આવે છે. જેનો લાભ તમામ લોકોને મળતો રહે છે.



**ગળાકાપ સ્પર્ધાનાં સમયમાં દરેક ક્ષેત્રમાં સંતોષજનક દેખાવ જરૂરી**

**કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે**

# સતત પરફોર્મ સુધારવાની જરૂર

**સુધારા માટે સતત પ્રયાસ કરવા, આગળ વધવાના એટીટ્યુડ રાખવાની બાબત પણ જરૂરી છે : જોબ માટે રીડિઝાઇન કરવાની પણ જરૂર**

સફળતા કઇ રીતે મળી શકે છે તે બાબત ખુબ મહત્વપૂર્ણ બની ગઇ છે. સફળતા હાંસલ કરવા માટે તમામ પ્રયાસો સતત કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સારા પ્રયાસો છતા પણ સફળતા મળતી નથી. જાણકાર નિષ્ણાંત અને બજારમાં મોટી સફળતા મેળવી ચુકેલા લોકો કહે છે કે પરફોર્મમાં સુધારા કરીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી. ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે. પરફોર્મમાં સુધારા કરવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. શુ આપના પ્રોફેશનલ પરફોર્મમાં ઘટાડો થયો છે ? શુ તમે તમારી સફળતાથી અસંતુષ્ટ છો ? રિવ્યુને લઇને પણ પ્રશ્નો થતા રહે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે પરફોર્મમાં ઘટાડો થવાનો મતલબ દુનિયાનો અંત નથી. આ આપની પ્રોફેશનલ યાત્રામાં મોટા તબક્કા તરીકે હોઇ શકે છે. આપને ભવિષ્યની સફળતા માટે મોટા પગલા લેવા જોઇએ.

સુધારાના તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આપના પરફોર્મ રિવ્યુ આપના યોગદાન અને અન્ય બાબતો માટે યોગ્ય પિક્ચર નથી. કોઇ એક વ્યક્તિની નજરમાં આપનો દેખાવ કમજોર હોઇ શકે છે. આ પ્રકારના કોઇ એક વ્યક્તિના નિવેદનના કારણે આપની વર્ષની ગતિવિધી અને એક્ટિવીટીસ અને યોગદાનને ગણી શકાય નહીં. તમામ પ્રકારની સ્થિતીને સ્વીકાર કરીને ભવિષ્ય માટે સુધારાત્મક પગલા લેવા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. મજબુતીની સાથે પરફોર્મમાં સુધારા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. જોબની રીડિઝાઇન કરવામાં આવે તે પણ જરૂરી છે. શુ આપની અંદર વર્તમાન રોલને અદા કરવા માટેની યોગ્યતા છે. હોઇ શકે કે આપ ટોપ લેવલના કેડર હો અથવા તો વ્યક્તિગત રીતે યોગદાન આપતો હોય પરંતુ ટીમ લીડર તરીકે નિષ્ફળતા મળી શકે છે. જો જરૂરી યોગ્યતાનો અભાવ દેખાય છે તો જોબને લઇને રીડિઝાઇન કરવામાં આવી શકે છે. જે ચીજો ફિટ બેસતી નથી તે ચીજોને દુર કરી દેવામાં આવે તે જરૂરી છે. પોતાની તાકાત પર કામ કરવામાં આવે તે જરૂરી છે. પ્રોફેશનલ ઈમેજ નબળી હોવાના કારણે પરફોર્મને કમજોર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે બે વર્ષ પહેલા પ્રજેનટેન્શનમાં આપે ન્યુમેરિકલ ભુલ કરી દીધી હોય અને લોકોમાં એવી છાપ ઉભી થઇ ગઇ કે આપના ડેટામાં વિશ્વાસ કરી શકાય તેમ નથી.કોઇ પણ સંસ્થામાં પોતાની સ્ટોરી લાઇનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. એવા કામ હાથમાં પહેલા લેવા જોઇએ જેના કારણે લોકોમાં વિશ્વાસ જાગી શકે. કર્મચારીઓમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો થવા જોઇએ.

શુ તમે ગયા વર્ષે કોઇ બિમારીના કારણે પરેશાન હતા અથવા તો પારિવારિક સમસ્યાના કારણે સંઘર્ષ કરી રહ્યા હતા એવુ પણ બની શકે કે આપે કોઇ ખોટા નિર્ણય કર્યા હોય. અથવા તો ખોટી કંપન જ્વોઇન કરી લીધી હોય. એક પગલુ પાછળ જઇને મોટા પિક્ચર પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અપેક્ષાથી લઇને વાસ્તવિકતા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જે રીતે કોઇ ક્રિકેટર પાસેથી દરેક મેચમાં સદીની અપેક્ષા રાખી શકાય નહી તેવ જ રીતે તમે દર વર્ષે શાનદાર પરિણામ કેમ આપી શકો છો. આપ સમય સમય પર કંપની દ્વારા આપની પાસેથી રાખવામાં આવી રહેલી અપેક્ષાઓ અને આશા અંગે માહિતી મેળવી શકાય છે. ફિડબેક લેતા રહેવાથી ઘણા સારા કામ થઇ શકે છે. માસિક અને ત્રિમાસિક આધાર પર માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત જરૂરી સંશાધનોના કારણે પણ સફળતા મળી શકતી નથી. ઈન્ટર ડિપાર્ટમેન્ટલ સપોર્ટ ન મળવાના કારણે પણ કેટલીક વખત નિષ્ફળતા હાથ લાગે છે. કેટલાક કિસ્સામાં મેનેજરની મદદ મળી શકતી નથી. સિસ્ટમના કામ કરવાના તરીકાના સંબંધમાં માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખીને નોકરીની જગ્યાએ અથવા તો કોર્પોરેટ જગતમાં વ્યક્તિ પોતાની ઈચ્છિત સફળતા હાંસલ કરી શકે છે.



**Cyber Octet™**

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

## ઝેર નહીં,હાર્ટ એટેકના કારણે મુખ્તાર અંસારીનું મૃત્યુ થયું હતું

। લખનૌ, તા.૧૬ ।

મુખ્તાર કેસમાં મેજિસ્ટ્રેટની તપાસમાં પણ મૃત્યુનું કારણ ઝેર નહીં પણ હાર્ટ એટેક હોવાનું જાણવા મળ્યું હતું. પ્રશાસને રિપોર્ટ સરકારને મોકલી દીધો છે. આ પહેલા પોસ્ટમોર્ટમ અને વિસેરા ટેસ્ટ રિપોર્ટમાં પણ ઝેરની પુષ્ટિ થઈ ન હતી. જેના પરથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે મુખ્તાર અંસારીના મૃત્યુનું કારણ હાર્ટ એટેક છે. બાંદા જેલમાં બંધ માફિયા મુખ્તાર અન્સારીનું ૨૮ માર્ચની મોડી રાત્રે મેડિકલ કોલેજમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.મુખ્તારના પરિવારે તેના પર જેલમાં ઝેર આપવાનો આરોપ લગાવ્યો હતો. વિસેરાને સાચવવામાં આવ્યો હતો.

## ચાલતી કારમાં યુવતી સાથે ક્રૂરતા, બળાત્કાર ગુજારવામાં આવ્યો

। લખનૌ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લામાંથી એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. આગરામાં એક્સપ્રેસ વે પર કારમાં એક છોકરી પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો. વાસ્તવમાં ન્યૂ આગ્રા વિસ્તારની એક યુવતીને શૈક્ષણિક સર્ટિફિકેટ આપવાના બહાને લખનઉ બોલાવવામાં આવી હતી અને એક્સપ્રેસ વે પર કારમાં બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ દરમિયાન તેની તસવીરો લેવામાં આવી હતી અને વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. પછી તેણે તેમને ધમકાવીને દૂર મોકલી દીધા. યુવતીએ શનિવારે પારા પોલીસ સ્ટેશનમાં બે લોકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

## ભાજપ દિલ્હીમાં સ્મૃતિ ઇરાની પર દાવ ખેલશે ? પૂર્વ કેન્દ્રીય મંત્રી પાટનગરમાં સક્રિય

। નવીદિલ્હી, તા.૧૬ ।

આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે જ પાટનગર દિલ્હીમાં હવે પ્રતિષ્ઠાનો જંગ શરૂ થઇ ગયો છે એક તરફ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપીને કેજરીવાલ હવે આગામી છ માસ માટે ફુલટાઈમ પોલીટીશ્યન બની રહેશે અને તેઓ દિલ્હી ફરી જીતવા ઉપરાંત હરિયાણામાં સફળતા મળશે તે જોવા માંગશે. મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીમાં પણ તેમની ભૂમિકા ગોતશે તો બીજી તરફ ભાજપે પણ હવે તૈયારી કરી લીધી છે અને દિલ્હીમાં ફરી એક વખત બે મહિલાનો જંગ જામે તેવી શકયતા પણ નકારાતી નથી.

## ફટાકડા ફાડતાં , દિલ્હી પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ કેસ દાખલ કર્યો

। નવીદિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપી દીધા છે. આ શરતો હેઠળ, અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી કાર્યાલયનો ઉપયોગ કરી શકશે નહીં અને કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી કરી શકશે નહીં. જામીન પર જેલમાંથી બહાર આવ્યા બાદ અરવિંદ કેજરીવાલ આજે પત્ની સુનીતા કેજરીવાલ સાથે કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા હતા. અહીં સીએમ કેજરીવાલે હનુમાન મંદિરમાં પૂજા કરી હતી. આ પછી હવે તેમના સ્વાગત માટે તેમના ઘરની બહાર ફટાકડા ફોડવાનો મામલો સામે આવ્યો છે.હકીકતમાં, અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા પછી, તેમના સમર્થકો અને આમ આદમી પાર્ટીના કાર્યકરોએ તેમના સ્વાગત માટે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર ફટાકડા ફોડ્યા હતા.

### ધંધામાં નફો આપવાનું વચન આપ્યું

# લખનૌમાં ડિજિટલ તાંત્રિકએ વેપારી પાસેથી ૬૫ લાખની છેતરપિંડી કરી

**હેમંત કુમાર રાય નામના વેપારીએ પોતાની ખોટનો ઉકેલ મેળવવા માટે એક તાંત્રિકનો ઓનલાઈન સંપર્ક કર્યો, સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે સૂચવેલા ઉપાયો પૂરા કરવા માટે તેણે સમયાંતરે તાંત્રિકને પૈસા આપ્યા**

। લખનૌ, તા.૧૬ ।



તમે તાજેતરમાં ડિજિટલ ધરપકડની ઘણી ઘટનાઓ વિશે સાંભળ્યું હશે. પરંતુ તમે 'ડિજિટલ તાંત્રિક' વિશે ભાગ્યે જ સાંભળ્યું હશે. પરંતુ આને લગતો એક ચોંકાવનારો કિસ્સો યુપીની રાજધાની લખનઉથી સામે આવ્યો છે, જ્યાં એક ડિજિટલ તાંત્રિકે કાળા જાદુનો ડર બતાવીને સ્ટોક ટ્રેડર પાસેથી ૬૫ લાખ રૂપિયા પડાવી લીધા છે. હવે આ મામલે FIR નોંધવામાં આવી છે.મળતી માહિતી મુજબ, હેમંત કુમાર રાય નામના વેપારીએ નુકસાનનો ઉકેલ શોધવા માટે એક તાંત્રિક સાથે ઓનલાઈન સંપર્ક કર્યો. સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે સૂચવેલા ઉપાયો પૂરા કરવા માટે તેણે સમયાંતરે તાંત્રિકને પૈસા આપ્યા. આરોપ છે કે ધીરે ધીરે છેતરપિંડી કરનારે સમાધાનની આડમાં ૬૫ લાખ રૂપિયા લીધા. આ પછી પણ જ્યારે તે પૈસાની માંગ કરતો રહ્યો તો પીડિતા નારાજ થઈ ગઈ અને તેણે હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો.મળતી માહિતી મુજબ, ધંધામાં નુકસાન થયા બાદ બિઝનેસમેને સારા જ્યોતિષની ઓનલાઈન શોધ શરૂ કરી. જે બાદ તેને એક જ્યોતિષ વિશે ઓનલાઈન ખબર પડી, જેનો તેણે સંપર્ક કર્યો. પ્રથમ વખત ફી તરીકે ૧૧,૦૦૦ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. હેમંત કુમારે પૈસા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા. આ પછી, વધારાના ખર્ચનું કારણ આપીને વધુ પૈસાની માંગ કરવામાં આવી હતી. જે બાદ પીડિતા દ્વારા સતત પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. વેપારીના જણાવ્યા અનુસાર, આ પછી તેણે સમયાંતરે છેતરપિંડી કરનારને પૈસા ટ્રાન્સફર કર્યા.

પરંતુ જ્યારે ત્યાંથી પૈસાની માંગ અટકી ન હતી, ત્યારે તેઓ શંકાસ્પદ બન્યા હતા. તેણે પોલીસમાં જઈને ફરિયાદ કરી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. બેંક ખાતાની વિગતો પણ શોધવામાં આવી રહી છે.કાયદાની ભાષામાં ડિજિટલ ધરપકડ જેવી કોઈ વસ્તુ નથી, પરંતુ ગુંડાઓની ભાષામાં તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ડિજિટલ ધરપકડના કિસ્સામાં, સ્કેમર્સ વર્ચ્યુઅલ લોકઅપ પણ બનાવે છે અને ધરપકડ મેમો પરની સહી પણ ડિજિટલ કરવામાં આવે છે. તેઓ ડિજિટલ ધરપકડમાં નકલી ફોર્મ પણ ભરે છે. બધું જ ડિજિટલ છે પરંતુ તે એટલી બધી ડરાવે છે કે પીડિત ઘરની બહાર પણ નથી નીકળતી. આ માટે સ્કેમર્સ મોટી એજન્સીઓ અને અધિકારીઓની સંડોવણી, વર્ષો સુધી જેલમાં રહેવું જેવી બાબતોથી લોકોને ડરાવે છે.

### ખેડૂતોએ મહાપંચાયતમાં લીધો નિર્ણય

# 'હરિયાણાની ચૂંટણીમાં અમે કોઇ પક્ષને સમર્થન કે વિરોધ નહીં કરીએ'

। હરિયાણા, તા.૧૬ ।



હરિયાણાના જીંદ જિલ્લાના ઉચાનામાં રવિવારે યોજાયેલી કિસાન મહાપંચાયતમાં ચૂંટણીમાં કોઈપણ પક્ષને સમર્થન કે વિરોધ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક ખેડૂત નેતાએ આ માહિતી આપી છે. હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકો માટે ૫ ઓક્ટોબરે મતદાન થશે, જ્યારે પરિણામ ૮ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે.ભારતીય કિસાન નૌજવાન યુનિયનના નેજા હેઠળ આયોજિત આ મહાપંચાયતમાં હરિયાણા, પંજાબ અને અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો. જગજીત સિંહ દલ્લેવાલ, શ્રવણ સિંહ પંઢેર અને અભિમન્યુ કોહર જેવા ખેડૂત નેતાઓએ તેમાં ભાગ લીધો હતો.મહાપંચાયતમાં લેવાયેલા નિર્ણય વિશે માહિતી આપતાં દલ્લેવાલે કહ્યું, 'અમારે (ખેડૂત આંદોલન)ને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. અમારો હેતુ આંદોલનને મજબૂત કરવાનો છે. અમે ચૂંટણીમાં ન તો કોઈની મદદ કરીશું અને ન તો કોઈનો વિરોધ કરીશું. અમારા આંદોલનને મજબૂત કરવા અમે લોકોને સરકારની નિષ્ફળતાઓ અને ખેડૂતો વિરુદ્ધ લેવાયેલા નિર્ણયોથી વાકેફ કરીશું.તેમણે કહ્યું, 'આગામી મહાપંચાયત ૨૨ સપ્ટેમ્બરે કુરુક્ષેત્રના પિપલીમાં યોજાશે. અમે જે માંગણીઓ માટે આંદોલન કરી રહ્યા છીએ તે માત્ર પંજાબ અને હરિયાણાના ખેડૂતોની નથી પરંતુ સમગ્ર દેશની છે. સમગ્ર દેશને આ આંદોલન સાથે જોડવા માટે દેશના ખૂણે ખૂણે મહાપંચાયતો યોજાઈ રહી છે.દલ્લેવાલે કહ્યું કે સરકારે જે રીતે ખેડૂતોને કિસાન મહાપંચાયતમાં આવતા અટકાવ્યા તે અત્યંત શરમજનક અને નિંદનીય છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'ખેડૂતોને એકઠા થવાથી રોકવા માટે ઘણી જગ્યાએ સિમેન્ટ બેરિયર લગાવવામાં આવ્યા હતા. ગુરુદ્વારા સંચાલકોને તેમના માટે ભોજન ન રાંધવા માટે પણ કહેવામાં આવ્યું હતું.ખેડૂત નેતા અભિમન્યુ કોહરે કહ્યું, 'અમે કોઈ રાજકીય પક્ષને વોટ આપવાની અપીલ નથી કરતા, પરંતુ અમે ચોક્કસ કહીશું કે જ્યારે તમે વોટ આપવા જાઓ ત્યારે છેલ્લા દસ વર્ષમાં ખેડૂતો અને મજૂરો પર થયેલા અત્યાચારને યાદ કરો.'

### સપાનો સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરવામાં આવ્યા

# વ્યાપારી જૂથ અયોધ્યામાં માંઝી જાતિના ખેડૂતોની જમીન હડપ કરી રહ્યું છે : સપા

। નવી દિલ્હી, તા.૧૬ ।



સમાજવાદી પાર્ટી મીડિયા સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરવામાં આવ્યા હતા. આ વીડિયો મારામારીનો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે આ વીડિયો અયોધ્યામાં વેપારી જૂથ અને ખેડૂતો વચ્ચેની લડાઈનો છે. એસપીએ કેપ્શનમાં લખ્યું કે, 'અયોધ્યામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશોને કારણે મોટા બિઝનેસ હાઉસ ગરીબ ખેડૂતોની જમીન પર કબજો કરી રહ્યાં છે.' સમાજવાદી પાર્ટીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે એક વેપારી જૂથ અયોધ્યામાં સૌથી પછાત માંઝી જાતિની જમીન 'કબજે' કરી રહ્યું છે. એસપીનો આરોપ છે કે આ જૂથના ગુંડાઓ ખેડૂતો સાથે ગુંડાગીરી કરી રહ્યા છે. જોકે, બિઝનેસ ગ્રુપે આ આરોપોને નકારી કાઢ્યા છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં કેટલાક લોકો મારપીટ કરી રહ્યાં છે. એસપીએ દાવો કર્યો હતો કે આ જમીન કબજે કરવા માટે હતી. જો કે, સ્થાનિક પોલીસે કહ્યું કે તેઓ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે અને એસપીના આરોપોને 'ખોટા' ગણાવ્યા છે.સમાજવાદી પાર્ટી મીડિયા સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરવામાં આવ્યા હતા. આ વીડિયો મારામારીનો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે આ વીડિયો અયોધ્યામાં વેપારી જૂથ અને ખેડૂતો વચ્ચેની લડાઈનો છે. સમાજવાદી પાર્ટીએ કેપ્શનમાં લખ્યું કે, 'અયોધ્યામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશોને કારણે મોટા બિઝનેસ હાઉસ ગરીબ ખેડૂતોની જમીન પર કબજો કરી રહ્યાં છે.'સાથે જ અખિલેશ યાદવે લખ્યું, 'અયોધ્યામાં ખેડૂતોની ધરપકડ અને અબજોપતિઓને રાહત... શું યુપીમાં સરકાર હજુ પણ સત્તામાં છે કે નિવૃત્ત થઈ ગઈ છે?'

## હરિદ્વાર પોલીસે એન્કાઉન્ટરમાં એક આરોપીને ઠાર માર્યો

। હરિદ્વાર, તા.૧૬ ।

જ્વેલરી શોપમાં ૫ કરોડ રૂપિયાની લૂંટના આરોપીઓ અને હરિદ્વાર પોલીસ ટીમ વચ્ચે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટરમાં એક આરોપીનું મોત થયું છે, જ્યારે બીજો આરોપી મોકો મળતાં જ એન્કાઉન્ટર સ્થળ પરથી ભાગી ગયો છે, ટીમ તેને શોધવામાં વ્યસ્ત છે. હરિદ્વારમાં જ્વેલરીની દુકાનમાં થયેલી ૫ કરોડની લૂંટના આરોપીઓ અને પોલીસ ટીમ વચ્ચે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટરમાં એક આરોપીનું મોત થયું છે, જ્યારે એક આરોપી મોકો મળતા જ એન્કાઉન્ટર સ્થળ પરથી ભાગી ગયો છે, ટીમ તેની શોધમાં વ્યસ્ત છે.હરિદ્વારના એસએસપી પ્રમેન્દ્ર સિંહ ડોબલે કહ્યું, "એક વ્યક્તિ જે એન્કાઉન્ટરમાં ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો તેને મૃત જાહેર કરવામાં આવ્યો છે." એક વ્યક્તિ ભાગી ગયો છે અને અમે તેને પણ પકડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.તેમણે એમ પણ કહ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે આ વ્યક્તિ (મૃતક) અન્ય ૪ લોકો સાથે લૂંટમાં સામેલ હતો. તેના માથા પર ૧ લાખ રૂપિયાનું ઈનામ હતું. "તેના વિશે વધુ માહિતી મેળવવા માટે તપાસ ચાલુ છે... સંડોવાયેલા અન્ય લોકોની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે."આપને જણાવી દઈએ કે તાજેતરમાં જ હરિદ્વારમાં નિર્ભય ગુનેગારો દિવસભર જ્વેલરીના શોરૂમમાં ઘૂસી ગયા હતા.

### આઇઆઇટી રૂકીએ જણાવ્યું કે દિલ્હીમાં પૂર કેમ હતું

# 'અવ્યવસ્થિત શહેરીકરણ, પૂર વિસ્તારો ઉપર અતિક્રમણ'

**મજનુ કા ટીલા અને અક્ષરધામ જેવા વિસ્તારોમાં ઝડપી શહેરીકરણને કારણે ગ્રીન બેલ્ટમાં ઘટાડો થયો છે**

। નવી દિલ્હી, તા.૧૬ ।

આઈઆઈટી રૂરકીના વૈજ્ઞાનિકો અને સંશોધકોએ દિલ્હીમાં યમુના નદીના પૂરના મેદાનોમાં ઝડપથી થઈ રહેલા બાંધકામ અને હવામાન પરિવર્તનને કારણે પૂરના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી છે. ૨૦૨૩ના પૂરનું પૃથ્થકરણ કરતા, તેઓએ જોયું કે છેલ્લા ત્રણ દાયકામાં યમુના નદીની આસપાસ કાયમી માળખાના બાંધકામમાં નોંધપાત્ર વધારો થયો છે, ખાસ કરીને શાસ્ત્રી પાર્ક, મજનુ કા ટીલા અને અક્ષરધામ જેવા વિસ્તારોમાં.ઝડપી શહેરીકરણને કારણે ગ્રીન બેલ્ટમાં ઘટાડો થયો છે, જેના કારણે શહેરમાં ભારે વરસાદ અને ત્યારબાદ પૂરની શક્યતા વધી ગઈ છે. પૂર વ્યવસ્થાપન માટે વ્યૂહરચના અને શહેરી આયોજનની જરૂરિયાત પર વૈજ્ઞાનિકોએ શું આપ્યું છે. આ જોખમ ઘટાડવા માટે તેમણે આપેલા સૂચનો અનુસાર, હાલની ડ્રેનેજ સિસ્ટમને ફરીથી વિકસાવવી, પર્યાવરણ પર ઓછી અસર પડે તેવી ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવું, ઉચ્ચ જોખમવાળા પૂરના મેદાનોમાં બાંધકામના કામો પર પ્રતિબંધ મૂકવો આમાં વહેલી ચેતવણી પ્રણાલી બનાવવાનો સમાવેશ થાય છે પૂર માટે અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપન માટે આંતર-વિભાગીય સહકારને પ્રોત્સાહન આપવું.દિલ્હીમાં ૨૦૨૩ના પૂરનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું છે કે માત્ર હવામાનની પેટર્નમાં ફેરફાર જ નહીં પરંતુ અનિયંત્રિત શહેરીકરણ અને પર્યાવરણ પર તેની પ્રતિકૂળ અસર પણ તેના માટે જવાબદાર છે. સંશોધકોએ તેને સમયસર નિયંત્રિત કરવા નીતિઓ બનાવવા પર ભાર મૂક્યો છે. તેઓ નીતિ ઘડનારાઓને અનિયંત્રિત શહેરીકરણની લાંબા ગાળાની અસરોને ઓળખવા અને આબોહવા પરિવર્તનના જોખમોથી શહેરોને સુરક્ષિત રાખવા માટે ટકાઉ વ્યૂહરચના અમલમાં મૂકવાનું આહ્વાન કરે છે.રાજધાની દિલ્હીમાં ૯ જુલાઈ ૨૦૨૩ના રોજ ૧૫૩ મીમી (૬.૦ ઈંચ) થી વધુ વરસાદ થયો હતો.

# મોદી સરકાર ટૂંક સમયમાં વસ્તી ગણતરી શરૂ કરી શકે છે

। નવીદિલ્હી, તા.૧૬ ।



તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપને ૨૦૧૪ અને ૨૦૧૯ની સરખામણીમાં ઘણી ઓછી બેઠકો મળી હતી અને પાર્ટી બહુમતીથી દૂર રહી હતી. જો કે, જો ટોચના સૂત્રોનું માનીએ તો, ઓછી બેઠકો હોવા છતાં, ભાજપની આગેવાની હેઠળની સરકાર એજન્ડા પર કામ કરવાનું ચાલુ રાખશે જે ૨૦૧૪ માં વચન આપવામાં આવ્યું હતું. હવે સમાચાર આવ્યા છે કે મોદી સરકાર ટૂંક સમયમાં સમગ્ર દેશમાં વસ્તી ગણતરી શરૂ કરી શકે છે. આ સાથે પાર્ટીના ટોચના સૂત્રો તરફથી વન નેશન વન ઈલેક્શનને લઈને એક મોટું અપડેટ પણ સામે આવ્યું છે.મોદી સરકારે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ, જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ અને નાગરિકતા સંશોધન કાયદાના અમલ જેવા તેના મેનિફેસ્ટોના મુખ્ય મુદ્દાઓ પર આપેલા વચનો પૂરા કર્યા છે. તે જ સમયે, એક રાષ્ટ્ર-એક ચૂંટણીનું વચન એ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં બીજું મોટું વચન છે. વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી આપેલા ભાષણમાં વિધાનસભા અને સંસદીય ચૂંટણીઓ એકસાથે યોજવાની પણ હિમાયત કરી હતી.સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે એનડીએ સરકાર લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે કરાવવા માટે પ્રતિબદ્ધ છે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે સરકારના આ કાર્યકાળ દરમિયાન જ વન નેશન વન ઈલેક્શન વાસ્તવિકતા બનશે. ભાજપને અન્ય રાજકીય પક્ષો પાસેથી પણ સમર્થન મેળવવાની આશા છે.સૂત્રોને ટાંકીને માહિતી આપી છે કે લાંબા સમયથી પેન્ડિંગ દેશવ્યાપી વસ્તી ગણતરી હાથ ધરવા માટે વહીવટી કાર્ય ચાલી રહ્યું છે.

## રાહુલ ગાંધીની ટિપ્પણી તેમની 'બંધારણ વિરોધી માનસિકતા' દર્શાવે છે : ધનખડ

। મુંબઇ, તા.૧૬ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર તેમના અનામત સંબંધિત નિવેદન પર પરોક્ષ રીતે નિશાન સાધતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે કહ્યું હતું કે બંધારણીય પદ ધરાવતા વ્યક્તિની આવી ટિપ્પણી 'બંધારણ વિરોધી માનસિકતા' દર્શાવે છે.મુંબઈમાં એક જાહેર કાર્યક્રમને સંબોધતા ધનખડે કહ્યું હતું કે ભારતના બંધારણ વિશે જાગૃતિની ખૂબ જ જરૂર છે, કારણ કે કેટલાક લોકો તેની મૂળ ભાવનાને જ ભૂલી ગયા છે.બંધારણીય પદ પર બેસેલી વ્યક્તિ માટે વિદેશી ધરતી પર કહેવું કે અનામત નાબૂદ થવી જોઈએ તે બંધારણ વિરોધી માનસિકતા દર્શાવે છે. આ એ જ જૂની બંધારણ વિરોધી માનસિકતા છે, તેની જવાબદારી બીજા કોઈએ લીધી છે.

### છત્તીસગઢના સુકમામાં

# મેલીવિદ્યાની શંકામાં પરિવારના પાંચ લોકોની હત્યા કરાઈ

। રાયપુર, તા.૧૬ ।



છત્તીસગઢના સુકમામાં રવિવારે એક ચોંકાવનારી ઘટનામાં કાળા-જાદુ કરવાની શંકામાં એક પરિવારના ત્રણ મહિલા સહિત પાંચ સભ્યોની હત્યા કરવામાં આવી હતી. આ મામલામાં સુકમા જિલ્લા પોલીસ વડા કિરણ જી ચવ્હાણના કહેવા મુજબ, પાંચ કથિત આરોપીઓએ આત્મસમર્પણ કર્યું છે અને પછી પોલીસે તેમની કાયદેસરની ધરપકડ કરી હતી. આ મામલામાં તમામ આરોપીઓની ધરપકડ કરાશે.આ મામલામાં કોઈ પણ નક્સલવાદીઓની સંડોવણી હોવાનો પોલીસ વડાએ ઈનકાર કર્યો છે. જિલ્લા પોલીસ વડાએ વધુમાં કહ્યું કે, આ મામલામાં પોલીસ દરેક એંગલથી તપાસ કરી રહી છે. પોલીસ એ બાબતની તપાસ કરી રહી છે કે શું પરિવાર પર કાળો જાદુ કે મેલીવિદ્યા કરવાના આરોપોને લઈને કોઇ વિવાદ થયો હતો. કોંટાના એતકલ ગામના લોકોનો આક્ષેપ છે કે, પરિવાર મેલીવિદ્યા કરી રહ્યો હતો અને તેમનું માનવું હતું કે તેનાથી બાળકોમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા થતી હતી અને લોકોને વ્યક્તિગત નુકસાન થતું હતું. ગામના બાળકોની બીમારી અને તેમના વ્યક્તિગત નુકસાન માટે આ પરિવાર જવાબદાર હોવાનું માનવામાં આવતું હતું. જિલ્લા પોલીસ વડાએ વધુમાં જણાવ્યું કે, કેટલાક રહેવાસીઓને કથિત રીતે વ્યક્તિગત નુકસાનનો સામનો કરવો પડ્યો હતો.



### એક જ પ્રકારના રોલ કરવા તૈયાર નથી

# રામ કપૂરને ટીવીમાં હવે કામ કરવાની ઈચ્છા નથી



એક સમય હતો, જ્યારે ટીવી જોતાં લોકોના ઘરમાં રામ કપૂર એક જાણીતું નામ હતું. ખાસ કરીને સાક્ષી તંવર સાથેની સિરીયલ 'બડે અચ્છે લગતેં હેં' તેમજ 'કસમ સે'. હવે રામ કપૂર મોટા ભાગે ફિલ્મો અને ઓટીટીમાં વિવિધ પ્રકારના રોલમાં જોવા મળે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ટીવી પર પાછા ફરવાના પ્લાન અને ઓટીટી પ્રોજેક્ટ વિશે વાત કરી હતી. બહુ જલ્દી રામ કપૂર સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ 'યુધરા'માં જોવા મળશે. ટીવી પર પાછા ફરવાના પ્લાન વિશે રામ કપૂરે જણાવ્યું,"હાલ, તો કોઈ જ પ્લાન નથી. કારણ કે તમે નસીબદાર હોય, જેમ કે હું હતો, તો જ તમે એવા સફળ ટીવી શો કરી શકો જે દરેક શો લગભગ ત્રણ કે ચાર વર્ષ ચાલે. અને જો તમારે ટીવી પર આવો સફળ શો કરવો હોય તો તમારે ત્રણથી ચાર વર્ષ સુધી એક જ પાત્ર ભજવતા રહેવું પડે." રામે આગળ જણાવ્યું,"પરંતુ હાલ, મને ફિલ્મ્સ અને ઓટીટી પર એક સારા અને મજબૂત કલાકાર તરીકે સ્વીકૃતિ મળી ગઈ છે, તેથી મને દર વર્ષે ઘણા અલગ પ્રકારના રોલ કરવા મળે છે. મને બધાં એવા પ્રોજેક્ટ મળે છે જે એકબીજાથી ઘણા અલગ છે. તેથી હાલ મને વર્ષો સુધી એકના એક રોલ કરવાનું અઘરું લાગે છે, તેની હું કલ્પના પણ કરી શકું તેમ નથી. હું જે કરું છું તેમાં મને બહુ મજા આવે છે." રામ કપૂર અત્યાર સુધીમાં 'કાર્તિક કૉલિંગ કાર્તિક', 'એજન્ટ વિનોદ', 'સ્ટુડન્ટ ઓફ ધ યર' અને 'ઉડાન' જેવી ફિલ્મો કરી ચૂક્યા છે.

# જુનિયર એનટીઆરને 'કાંતારા' ફિલ્મમાં કામ કરવાની ઇચ્છા

### ઋષભ ઇચ્છે તો હું 'કંતારા ચેપ્ટર-૧'માં રોલ માટે તૈયાર



ઋષભ શેટ્ટીની 'કાંતારા'ને મળેલી અભૂતપૂર્વ સફળતાથી સિદ્ધિઓના નવા માપદંડ સ્થાપિત થયા છે. ઋષભ શેટ્ટીની બહુવિધ પ્રતિભાથી તેણે માત્ર દર્શકોના દિલ નથી જીત્યા, પરંતુ બોક્સ ઓફિસ પર પણ સફળતા મેળવી છે, જેનાથી તે દેશભરમાં જાણીતો થઈ ગયો છે. ઋષભે લોકકથાઓને વિશ્વકક્ષાએ લઈ જઈને કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધી છે. તેના કારણે હવે જાણીતા એક્ટર્સ અને ફિલ્મમેકર્સ ઋષભની ફિલ્મમાં કામ કરવા આતુર છે. તાજેતરમાં જ જુનિયર એનટીઆરે ઋષભ શેટ્ટીની 'કંતારા- ચેપ્ટર ૧'માં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તાજેતરમાં જ ઋષભ શેટ્ટી અને જુનિયર એનટીઆરે તેમના પરિવાર સાથે કોલ્લુરમાં આવેલા મુકમ્બિકા અમ્માવરી મંદિરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે મીડિયા સાથે પણ વાતચીત કરી હતી. ત્યારે એક પત્રકારે જુનિયર એનટીઆરને તેઓ 'કાંતારા'ની પ્રિક્વલમાં છે કે નહીં તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે તેમણે હસીને જવાબ આપ્યો હતો,"જો ઋષભ શેટ્ટીનું કોઈ આયોજન હોય તો હું તેની સાથે કામ કરવા તૈયાર છું." ઋષભ શેટ્ટી હાલ જેની આતુરતાપૂર્વક રાહ જોવાય છે, તેવી ફિલ્મ'કાંતારા- ચેપ્ટર ૧'માં અતુલ્ય દૈવી અનુભવ પેદા કરી શકાય તેના પર ધ્યાન આપી રહ્યો છે. આ ફિલ્મ માટે તે બોલિવૂડ ફિલ્મ પ્રોડ્યુસર આશુતોષ ગોવારિકર સાથે મળીને ફિલ્મ પ્રોડ્યુસ કરવા માટે પણ ચર્ચા-વિચારણા કરી રહ્યો છે.


# 'ગેંગ્ઝ ઓફ વાસેપુર'ની ટીમ લાવશે સિરીઝ 'બાદશાહ ઓફ બેગુસરાઈ'

### છેલ્લા કેટલાંક વખતથી કલ દોકલ ગેંગસ્ટર આધારીત સ્ટોરી પરની વેબ સિરીઝ આવી છે, પણ ખાસ ચાલી નથી




પેરેલલ સિનેમાના પ્રસંશકોમાં 'ગેંગ્ઝ ઓફ વાસેપુર' ફિલ્મ કલ્ટ ફિલ્મ તરીકે ઓળખાય છે. તેના બંને ભાગના કલાકારોનો અભિનય તો લોકના મનમાં વસી જ ગયો છે, સાથે એવા ઘણા ડાયલોગ્ઝ છે જે ફિલ્મની રિલીઝના દસ વર્ષ પછી પણ તેના ફેન્સને શબ્દસહ યાદ છે અને તેના મીમ્સ પણ ખૂબ બને છે. હવે આ ફિલ્મો રીરિલીઝ કરવામાં આવી રહી છે. સાથે જ તેના ફૅન્સ માટે અન્ય એક ખુશીના સમાચાર એવા છે કે તેની ટીમ દ્વારા એક વેબ સિરીઝ બનાવવામાં આવી રહી છે, જેને હાલ 'બાદશાહ ઓફ બેગુસરાઈ' નામ આપવામાં આવ્યું છે. છેલ્લા કેટલાંક વખતથી કલ દોકલ ગેંગસ્ટર આધારીત સ્ટોરી પરની વેબ સિરીઝ આવી છે, પણ ખાસ ચાલી નથી. હવે જ્યારે ગેંગ્સ ઓફ વાસેપુરના મેકર્સ જ્યારે આ સિરીઝ બનાવી રહ્યા છે, તો ફૅન્સ ખરા ઈન્ડિયન ગેંગ્સ્ટર ડ્રામા ફરી જોવા મળે તેની આશા રાખી રહ્યા છે. બાર વર્ષ પછી જાણીતા પ્રોડ્યુસર સુનિલ બોહરા અને રાઈટર અખિલેશ જયસ્વાલ ફરી એક સાથે આવી રહ્યા છે. આ સિરીઝ પણ બિહારની અંધારી આલમ પર આધારીત હશે. જેમાં બિહારના પાબ્લો એસ્કોબાર, જેની અસર અને જેનો પ્રભાવ દર્શકો પર લાંબો સમય રહી જાય તેવા જટિલ અને શક્તિશાળી પાત્રો આ સિરીઝમાં જોવા મળશે. બે વર્ષથી આ સિરીઝ પર કામ ચાલી રહ્યું છે. તેના દરેક પાસા પર બારિકીથી ધ્યાન આપીને કામ થઈ રહ્યું છે, જેથી ગેંગ્ઝ ઓફ વાસેપુરના સ્તરની સિરીઝ બનાવી શકાય. હાલ તેનું પ્રિ પ્રોડક્શનનું કામ ચાલે છે.

# 'આશિકી' ટાઈટલથી ટી-સિરીઝ ફિલ્મ બનાવી શકશે નહીં




રોમેન્ટિક-મ્યૂઝિકલ ફિલ્મની કેટેગરીમાં આગવી ઓળખ ઊભી કરનારી 'આશિકી'ના ટાઈટલ બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. રાહુલ રોય અને અનુ અગ્રવાલ સાથેની 'આશિકી'નું પ્રોડક્શન વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ થયું હતું. વિશેષ ફિલ્મ્સ પાસે આ ટાઈટલના ટ્રેડમાર્ક રાઈટ્સ હોવા છતાં ટી-સિરીઝ દ્વારા 'આશિકી' ટાઈટલ સાથેની ફિલ્મ બનાવવા કવાયત ચાલતી હતી. ફિલ્મના ટાઈટલ મામલે વિવાદ વધતાં મામલો દિલ્હી હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો, જ્યાં ટી-સિરીઝને હાલ 'આશિકી' નામથી ફિલ્મ નહીં બનાવવા નિર્દેશ અપાયા છે. 'આશિકી' ટાઈટલ સાથેની ફિલ્મો ૧૯૯૦ અને ૨૦૧૩ના વર્ષમાં હિટ રહી હતી. કોર્ટે નોંધ્યુ હતું કે, 'આશિકી' ટાઈટલનો ઉપયોગ ટી-સિરીઝ દ્વારા થાય તો તેનાથી લોકોને કન્ફ્યુઝન થઈ શકે છે.

# અનન્યા રિલેશનશિપમાં છે, તે કોને ડેટ કરી રહી છે?

### તેણીએ કહ્યું- હું રહસ્યમય રહેવા માંગુ છું...

ઈન્ડિયા ટુડે માઈન્ડ રોક્સે શાનદાર શરૂઆત કરી છે. બેંગલુરુમાં ચાલી રહેલા આ ઈવેન્ટમાં ઘણા જાણીતા સ્ટાર્સ ભાગ લેવાના છે. ૧૪ સપ્ટેમ્બરે બોલિવૂડ દિવા અનન્યા પાંડે આ ઈવેન્ટની મહેમાન બની હતી. ઈન્ડિયા ટુડે માઈન્ડ રોક્સમાં અનન્યા તેના દિલ અને દિમાગથી બોલતી જોવા મળી હતી. તેણે પોતાની ફિલ્મી કરિયર અને બેકગ્રાઉન્ડ વિશે ઘણા ખુલાસા કર્યા. અનન્યાને પૂછવામાં આવ્યું કે તમે ફિલ્મી પરિવારમાંથી આવો છો, શું તેનાથી તમારા કરિયરને અસર થઈ છે, તમે કયા પડકારોનો સામનો કર્યો? તેણે કહ્યું- મને મારા પિતા પર ગર્વ છે, કારણ કે તેઓ ડોક્ટર પરિવારમાંથી આવે છે. તેમ છતાં તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી. તેના કારણે જ મારું ઈન્ડસ્ટ્રીમાં કનેક્શન છે. ઝડપથી રૂમમાં પ્રવેશ મેળવો. પરંતુ આ પછી તમે તમારી જાતને કેવી રીતે સાબિત કરો છો તેના પર નિર્ભર છે. અનન્યાએ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રી બહારથી એકદમ ગ્લેમરસ લાગે છે, પરંતુ તેની અંદર ઘણો સંઘર્ષ છે. જો કંઈક સારું થાય છે, તો આપણે તેનો આનંદ માણી શકતા નથી કારણ કે આપણે આગળ વિચારવાનું છે. કેટલાક માણી શકતા નથી. અનન્યાને પૂછવામાં આવ્યું કે શાહરૂખ ખાન જેવો સુપરસ્ટાર બનવું કેટલું મુશ્કેલ છે? તેણે કહ્યું- મને લાગે છે કે હું સુપરસ્ટાર નથી. પરંતુ આજે શાહરૂખ અંકલ અને અમિતાભ બચ્ચન જેવી સફળતા મેળવવી ખૂબ જ મુશ્કેલ છે. 'મને લાગે છે કે સોશિયલ મીડિયા ડાન્સ માટે સારું છે. પરંતુ ત્યાં લડશો નહીં. સીમાઓ સેટ કરવી મહત્વપૂર્ણ છે. હું સોશિયલ મીડિયા દ્વારા લોકો સાથે વાત કરી શકું છું. હું પણ માણસ છું. જ્યારે કોઈ ખરાબ ટિપ્પણી કરે છે, ત્યારે મને ખરાબ લાગે છે.



# 'ધ બકિંગહમ મર્ડર્સ'કોમી અશાંતિ ફેલાવનારી હત્યાનો ભેદ ખુલશે

કરીના કપૂરની હંસલ મહેતાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. જેમાં કરીના એવા ડિટેક્ટિવનાં લીડ રોલમાં છે, જે અસલી ખૂનીની શોધમાં છે. આ ફિલ્મનું ટ્રેલર મંગળવારે લોંચ કરવામાં આવ્યું છે. છેલ્લાં કેટલાંક સમયથી આ ફિલ્મ અંગે જે પ્રકારની ઉત્સુકતા ઊભી કરવામાં આવી છે, તેને ધ્યાનમાં રાખીને ટ્રેલર પરથી કરીના તેના પર બિલકુલ ખરી ઉતરતી હોય તેવું જણાય છે.'ધ બકિંગહામ મર્ડર્સ' ૧૩ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થશે. આ ટ્રેલર ૨ મિનિટ અને ૩૪ સેકન્ડનું છે. જેની શરૂઆત કેટલીક ઈન્ટેન્સ પૂછપરછ સાથે થાય છે, જેમાં કરીને દરેક શંકાસ્પદ વ્યક્તિને પૂછતી હોય છે કે તેઓ ૧૪ નવેમ્બરે ક્યાં હતાં. કરીના જસમીક બામરા નામની ડિટેક્ટિવનો રોલ કરી રહી છે. ટ્રેલર પરથી એવું જાણવા મળે છે કે ઈશપ્રિત કોહલી નામનો એક બાળક ગાયબ થઈ ગયો છે, ત્યારે શહેરમાં કોમી અશાંતિની સ્થિતિ સર્જાઈ હોય છે. ત્યાર બાદ ઈશપ્રિતના મૃત્યુ સાથે એક મુસ્લિમ કિશોરનું નામ જોડાય છે, ત્યારે શહેરમાં હિંસા ફાટી નીકળે છે, તેનાથી કરીના એટલે કે ડિટેક્ટિવ બામરાની જવાબદારી વધી જાય છે. ફિલ્મના ટ્રેલરમાં જટિલ સંબંધો, રહસ્યો અને આરોપ પ્રતિ આરોપની ઘૂંચવણભરી ઝાળ બિછાયેલી જોવા મળે છે.




# શાહીદ કપૂર અને વિશાલ ભારદ્વાજ ફરી સાથે કામ કરશે

મુંબઈ, તા.૧૬

શાહીદ કપૂર અને વિશાલ ભારદ્વાજ ફરી એક વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ ફિલ્મ સાજિદ નડિયાદવાલા પ્રોડ્યુસ કરશે. તેમાં તૃપ્તિ ડિમરી પણ મુખ્ય રોલમાં જોવા મળશે, જે શાહીદ સાથે પહેલી વખત કામ કરતી જોવા મળશે. શાહીદ પણ આ પ્રોજેક્ટ અંગે ખુબ ઉત્સુક છે. શુક્રવારે શાહીદ કપૂરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું,"આ ફિલ્મ માટે ખૂબ ઉત્સુક છું, મારાથી આ ફિલ્મનું કામ શરૂ કરવાની રાહ નથી જોવાતી.. વિશાલ ભારદ્વાજ, સાજિદ નડિયાદવાલા, તૃપ્તિ ડિમરી." સાજિદ નડિયાદવાલાએ પણ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર જાહેરાત કરી હતી. તેણે લખ્યું હતું,"હું જિનિયસ ડિરેક્ટર અને મારા મિત્ર વિશાલ ભારદ્વાજ અને અદ્દભુત પાવરહાઉસ શાહીદ કપૂર સાથે જોડાઈને અતિ ઉત્સુક છું. સાથે જ એનજીઈ પરિવારમાં તૃપ્તિ ડિમરીને આવકારતા પણ અતિ આનંદીત છું." આ પહેલા શાહીદ અને વિશાલ ભારદ્વાજ 'કમીને', 'હૈદર' અને 'રંગૂન' જેવી ફિલ્મો કરી ચૂક્યા છે. જે ઈન્ટેન્સ અને કોમ્પ્લેક્સ હોવા છતાં તેના ભરપૂર વખાણ થયા છે. આ જાહેરાતથી આ જોડીના ફેન્સ પણ ઉત્સાહમાં આવી ગયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર શાહીદ અને સાજીદની પોસ્ટને વધાવી લીધી છે. છેલ્લે શાહીદે ક્રિતિ સેનન સાથે 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' ફિલ્મ કરી હતી, જેમાં તેણે એક રોબૉ સાયન્ટિસ્ટનો રોલ કર્યો હતો. આ ફિલ્મ પણ ઘણી સારી ચાલી હતી. જ્યારે તૃપ્તિએ છેલ્લે વિકી કૌશલ અને એમિ વિર્ક સાથે 'બૅડ ન્યૂઝ' ફિલ્મ કરી છે. હાલ તે કાર્તિક આર્યન અને વિદ્યા બાલન સાથે 'ભુલભુલૈયા ૩'માં કામ કરી રહી છે.



# 'સિંઘમ'ની એક્શનમાં 'દબંગ'નો પાવર આવી શકે

### રોહિત શેટ્ટીની પોસ્ટ બાદ સલમાનના સામૈયાની તૈયારી

રોહિત શેટ્ટીએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર એક વીડિયો શેર કરીને 'સિંઘમ અગેઈન'માં એક ખાસ હિરોની એન્ટ્રી અંગે જાહેરાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે આ હિરોની એન્ટ્રી વિના ફિલ્મ અધુરી છે. રોહિત શેટ્ટીની સિંઘમ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોની તેના ફૅન્સ લાંબા સમય સુધી રાહ જુએ છે. હવે દિવાળી પર આ ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે, ત્યારે તેના ફૅન્સ પહેલાંથી જ ખૂબ ઉત્સુક છે. આ ફિલ્મમાં અજય દેવગન ઉપરાંત અક્ષય કુમાર, રણવીર સિંહ, દીપિકા પાદૂકોણ, અર્જૂન કપૂર અને ટાઈગર શ્રોફ હોવાની તો પહેલાથી જ જાહેરાત થઈ ચૂકી છે, પરંતુ મંગળવારે રોહિત શેટ્ટીની વીડિયોથી ફૅન્સમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. રોહિત શેટ્ટીએ વીડિયો શેર કરતા લખ્યું હતું,"સિંઘમ આ હિરો વિના અધુરો છે...આ દિવાળીએ સ્કોર્પિઓ પણ આવશે, ફરશે પણ ખરી, પણ એન્ટ્રી કોઈ બીજાની થશે." આ પોસ્ટથી કેટલાક લોકોને એવો પણ ડર લાગ્યો હતો કે આ ફિલ્મમાંથી અજય દેવગનને રિપ્લેસ કરવામાં આવ્યો છે. જોકે, ટૂંક સમયમાં ફૅન્સ સમજી ગયા હતા કે આ કોઈ વધુ એક કેમિઓની જાહેરાત છે. તો કેટલાંક ફૅન્સ અને ફિલ્મ રસિકોએ એવો પણ અંદાજ લગાવ્યો છે કે ફિલ્મમાં 'દબંગ'ના 'ચુલબુલ પાંડે' એટલે કે સલમાન ખાનની એન્ટ્રી થઈ રહી છે. કારણ કે રોહિત શેટ્ટીની પોસ્ટના આધારે એટલો તો અંદાજ આવે છે કે આ એક મેલ એક્ટર છે. સલમાન ખાને જ 'દબંગ'થી કૉપ યુનિવર્સની શરૂઆત કરી હતી. તો બની શકે કે રોહિત શેટ્ટી પોતાના કોપ યુનિવર્સમાં ચુલબુલ પાંડેની એન્ટ્રી કરવા માગતા હોય. થોડાં વખત પહેલાં એવી પણ અફવાઓ ચાલી હતી કે 'સિંઘમ અગેઈન' દિવાળી પર રિલીઝ થશે નહીં.





ભૂકંપની તીવ્રતા ૬.૬ હતી

## કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં ભૂકંપના આંચકા અનુભવાયા

। કેનેડા,તા.૧૬ ।

ઉત્તર અમેરિકાના દેશ કેનેડામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપ બ્રિટિશ કોલંબિયાના પોર્ટ મેકનીલના દરિયાકિનારે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. કેનેડામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં લોકોએ રવિવારે ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપ પોર્ટ મેકનીલના કિનારે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી.અમેરિકાના નેશનલ સુનામી સેન્ટરના જણાવ્યા અનુસાર ભૂકંપ બાદ સુનામીના ખતરાની કોઈ ચેતવણી નથી. જીએફઝેડ અનુસાર, ભૂકંપનું કેન્દ્ર પ્રશાંત મહાસાગરમાં દરિયાની સપાટીથી ૧૦ કિલોમીટર નીચે હતું.તેને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે. તેની નીચે પ્રવાહી લાવા છે અને તેના પર ટેક્ટોનિક પ્લેટો તરતી છે. ઘણી વખત આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. વારંવાર અથડામણને કારણે, કેટલીકવાર પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે ખૂબ દબાણ હોય છે.

### મોહમ્મદ યુનુસ યુએસ પ્રતિનિધિમંડળને મળ્યા

# અમેરિકા દ્વારા બાંગ્લાદેશને ૧૭ અબજ રૂપિયાની સહાય આપશે

**સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ૫મા સુધારા સુધી, યુએસ-એઆઇડી બાંગ્લાદેશને ૪૨૫ મિલિયન યુએસ ડોલર પ્રદાન કરી ચૂક્યું છે**

। ઢાંકા, તા.૧૬ ।

રવિવારે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ યુએસ પ્રતિનિધિમંડળને મળ્યા હતા અને બાંગ્લાદેશના પુનઃનિર્માણ, મહત્વપૂર્ણ સુધારા પૂર્ણ કરવા અને ચોરાયેલી સંપત્તિઓને પરત લાવવા માટે યુએસ સમર્થન માંગ્યું હતું. અમેરિકા બાંગ્લાદેશને ૨૦૨.૨૫ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૭ અબજ રૂપિયા)ની સહાય આપશે. તેનો ઉદ્દેશ્ય દક્ષિણ એશિયાઈ દેશમાં વિકાસને આગળ ધપાવવા, યુવાનોને સશક્ત બનાવવા, લોકશાહીને મજબૂત બનાવવા, સ્વાસ્થ્યમાં સુધારો કરવા અને લોકો માટે વેપાર અને આર્થિક તકોનો વિસ્તાર કરવાનો છે. અધિકારીઓએ રવિવારે આ માહિતી આપી.બાંગ્લાદેશના



નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલ પ્રેસ રીલીઝ મુજબ, આર્થિક સંબંધો વિભાગના અધિક સચિવ એકેએમ શહાબુદ્દીન અને યુએસએઆઈડીના મિશન ડાયરેક્ટર રીડ જે. એશલીમેન વતી ઢાકામાં 'ધ ડેવલપમેન્ટ ઓબ્જેક્ટિવ ગ્રાન્ટ એગ્રીમેન્ટ (ડીઓએજી)' પર હસ્તાક્ષર કર્યા. તેમની સંબંધિત સરકારોએ છઠ્ઠા સુધારા પર હસ્તાક્ષર કર્યા. મીડિયા અહેવાલો અનુસાર, કરાર હેઠળ, યુએસ-એઆઈડી બાંગ્લાદેશને તેના સુશાસન, સામાજિક, માનવતાવાદી અને આર્થિક તકોના ત્રણ ક્ષેત્રો માટે યુએસ ઈ ૨૦૨.૨૫ મિલિયનનું અનુદાન પ્રદાન કરશે.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ, બાંગ્લાદેશ અને યુએસ-એઆઈડી વચ્ચે ૨૦૨૧-૨૦૨૬ સમયગાળા માટે નવા ડીઓએજી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ડીઓએજી નો અમલ કરીને, યુએસ-એઆઈડી કુલ ઈ૯૫૪ મિલિયનનું યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ૫મા સુધારા સુધી, યુએસ-એઆઈડી બાંગ્લાદેશને ૪૨૫ મિલિયન યુએસ ડોલર પ્રદાન કરી ચૂક્યું છે.રવિવારે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ યુએસ પ્રતિનિધિમંડળને મળ્યા હતા અને બાંગ્લાદેશના પુનઃનિર્માણ, મહત્વપૂર્ણ સુધારા પૂર્ણ કરવા અને ચોરાયેલી સંપત્તિઓને પરત લાવવા માટે યુએસ સમર્થન માંગ્યું હતું.તેમણે વચગાળાની સરકાર જે પડકારોનો સામનો કરી રહી છે તે સમજાવ્યું અને કહ્યું કે તેમનું વહીવટીતંત્ર અર્થતંત્રને 'રીસેટ, રિફોર્મ અને રિસ્ટાર્ટ' કરવા માટે ઝડપથી આગળ વધશે.

### જમ્મુ કાશ્મીરમાં કોઈને પણ સ્પષ્ટ બહુમતી નહીં મળે : ગુલામ નબી આઝાદ

। શ્રીનગર, તા.૧૬ ।

બંધારણની કલમ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં ૫ હેલીવાર વિધાનસભાની ચૂંટણીઓ બે તબક્કામાં યોજાવા જઈ રહી છે. પ્રથમ તબક્કા માટે આગામી ૧૮મી સપ્ટેમ્બરના રોજ મતદાન હાથ ધરાશે. જેના માટે તમામ પક્ષો કમર કસી રહ્યા છે. ભાજપે જમ્મુ કાશ્મીરીમાં મુસ્લિમ ઉમેદવારો પર દાવ ખેલીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.જ્યારે કોંગ્રેસે, નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધન કર્યું છે, પરંતુ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે તમામ પક્ષોના સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવવાના વચનોને પોકળ ગણાવ્યા છે અને દાવો કર્યો છે કે આ વખતે કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી નહીં મળે. ગઠબંધનવાળી સરકાર બનશે. રાજ્યમાં પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવામાં નહી આવે.જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે કહ્યું કે, વિધાનસભાની ચૂંટણીમાં તમામ પક્ષો જે દાવા કરી રહ્યા છે તે સાવ પોકળ છે, જોકે મારી તબીયત નાદુરસ્ત છે, અમે આ ચૂંટણીઓમાં જે કરવા માગતા હતા.

### સલીમા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અમ્પાયર બનનાર પ્રથમ પાકિસ્તાની મહિલા બની

। નવીદિલ્હી,તા.૧૬ ।

સલીમા ઈમ્તિયાઝ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની ઈન્ટરનેશનલ પેનલ ઓફ ડેવલપમેન્ટ અમ્પાયર્સમાં સ્થાન મેળવનારી પહેલી પાકિસ્તાની મહિલા બની ગઈ છે. સલીમાએ કહ્યું- આ માત્ર મારી જીત નથી, પાકિસ્તાનની દરેક મહત્વાકાંક્ષી મહિલા ક્રિકેટર અને અમ્પાયરની જીત છે. હું આશા રાખું છું કે મારી સફળતા અસંખ્ય મહિલાઓને પ્રેરણા આપશે જેઓ રમતગમતમાં પોતાની ઓળખ બનાવવાનું સ્વપ્ન જુએ છે. આ ક્ષણ ક્રિકેટમાં મહિલાઓના વધતા પ્રભાવ અને તે વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે પીસીબીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સલીમાની પુત્રી કૈનાતે પાકિસ્તાન માટે ૪૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી જેમાં ૧૯ વનડે અને ૨૧ ટી ૨૦નો સમાવેશ થાય છે.પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજથી શરૂ થયેલી ટી-૨૦ શ્રેણીમાં સલીમા પ્રથમ વખત અમ્પાયરિંગ કરતી જોવા મળી. તેની સાથે પીસીબી ઈન્ટરનેશનલ પેનલ ઓફ અમ્પાયર્સના ફૈઝલ આફ્રિદી અને નાસિર હુસૈન ટીવી અમ્પાયર હતાં. હુમૈરા ફરાહ ચોથા અમ્પાયર તરીકે અને પીસીબી ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરીના મોહમ્મદ જાવેદ મલિક મેચ રેફરી તરીકે શ્રેણીની દેખરેખ કરશે.


### પ્રમુખપદની ચૂંટણીને હવે થોડા જ અઠવાડિયા બાકી

# હેરિસ અને ટ્રમ્પ અમેરિકામાં ગાંજાને કાયદેસર બનાવવાનું વિચારી શકે છે!

**તાજેતરમાં યોજાયેલી પ્રેસિડેન્શિયલ ડિબેટ દરમિયાન વાઇસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા મુદ્દાઓ પર પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા**

। નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને હવે થોડા જ અઠવાડિયા બાકી છે. બંને ઉમેદવારો અને મતદારો અંતિમ તબક્કાની તૈયારીમાં વ્યસ્ત છે. ફિલાડેલ્ફિયામાં તાજેતરમાં યોજાયેલી પ્રેસિડેન્શિયલ ડિબેટ દરમિયાન વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા મુદ્દાઓ પર પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા, પરંતુ ગાંજાને કાયદેસર બનાવવા પર બંને વચ્ચે કોઈ ચર્ચા થઈ નહોતી. ઘણા વિષયો પર અલગ-અલગ મંતવ્યો હોવા છતાં, આ એક એવો મુદ્દો છે કે જેના પર બંને ઉમેદવારોના મંતવ્યો સમાન જોવા મળે છે.મારિજુઆનાના ઉપયોગ પર ૧૦૦ વર્ષ જૂના ફેડરલ પ્રતિબંધમાં ફેરફારો લાવવાની સંભાવનાઓ માટે આ ચૂંટણી મહત્વપૂર્ણ હોઈ શકે છે.



આજે, યુએસના ૨૪ રાજ્યો અને ડિસ્ટ્રિક્ટ ઑફ કોલંબિયાએ ગાંજાને કાયદેસર બનાવ્યો છે અને તેના વેચાણ પર દારૂના જ દરે ટેક્સ લાદ્યો છે. આ સિવાય ૭ રાજ્યોએ ઓછી માત્રામાં ગાંજા રાખવા બદલ જેલની સજા હટાવી છે. કુલ ૩૮ રાજ્યો અને કોલંબિયા ડિસ્ટ્રિક્ટે તેના તબીબી ઉપયોગ માટે કાયદા ઘડ્યા છે.મારિજુઆનાને કાયદેસર બનાવવા અંગે કમલા હેરિસનું વલણ બદલાઈ રહ્યું છે. ૨૦૧૯ માં, તેણે મારિજુઆનાના ફેડરલ અપરાધીકરણને સમાપ્ત કરવા માટે સેનેટમાં એક બિલ રજૂ કર્યું. જો કે, એક સમય એવો હતો જ્યારે તેણી તેની વિરુદ્ધ હતી. કેલિફોર્નિયાના એટર્ની જનરલ માટે તેણીની ૨૦૧૦ની દોડ દરમિયાન, તેણીએ તેના કાયદેસરકરણનો વિરોધ કર્યો હતો.

### મધ્ય યુરોપમાં 'આપત્તિ' વરસાદ

## અવિરત વરસાદને કારણે નદીઓ વહેતી; અત્યાર સુધીમાં આઠના મોત

**પુલો ધોવાઈ ગયા હતા અને ઓછામાં ઓછા ૨૫૦,૦૦૦ ઘરો - મુખ્યત્વે ચેક રિપબ્લિકમાં - પાવર કટથી પ્રભાવિત થયા હતા**

। બર્લિન, તા.૧૬ ।

મધ્ય યુરોપમાં પૂરથી મૃત્યુઆંક વધીને આઠ થયો હતો. હકીકતમાં, ચેક રિપબ્લિકમાં ઘણા દિવસો સુધી મુશળધાર વરસાદ પછી, આ પ્રદેશના ઘણા ભાગોમાં નદીઓ વહેતી થઈ. તે જ સમયે, હજારો લોકોને તેમના ઘરોમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.બોરીસ નામની લો પ્રેશર સિસ્ટમને કારણે ઓસ્ટ્રિયાથી રોમાનિયા સુધી વરસાદ પડ્યો હતો. આના કારણે, ચેક રિપબ્લિક અને પોલેન્ડના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ ત્રણ દાયકામાં સૌથી ખરાબ પૂર જોવા મળ્યું. ઓછામાં ઓછા ચોવીસ કલાક સુધી વધુ વરસાદ અને ભારે પવનની આગાહી છે. જો કે, રવિવારના રોજ રોમાનિયામાં વરસાદ ઓછો થયો હતો, જ્યાં પૂરે એક દિવસ પહેલા વિનાશ વેર્યો હતો. સપ્તાહના અંતે હજારો ઘરોને નુકસાન થયું હતું, પુલો ધોવાઈ ગયા હતા અને ઓછામાં ઓછા ૨૫૦,૦૦૦ ઘરો - મુખ્યત્વે ચેક રિપબ્લિકમાં - પાવર કટથી પ્રભાવિત થયા હતા.દક્ષિણ-પશ્ચિમ પોલેન્ડમાં રવિવારે એક વ્યક્તિ ડૂબી ગયો. વધુમાં, ઑસ્ટ્રિયામાં બચાવ કામગીરી દરમિયાન એક અગ્નિશામકનું મૃત્યુ થયું હતું અને અન્ય બે રોમાનિયામાં મૃત્યુ પામ્યા હતા. તે જ સમયે, શનિવારે ચાર લોકોના મોતની માહિતી સામે આવી હતી. આ સિવાય જે વિસ્તારમાં ફાયર ફાઈટરનું મૃત્યુ થયું છે તે વિસ્તારને ડિઝાસ્ટર વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. બિનજરૂરી મુસાફરી સામે પણ ચેતવણી આપવામાં આવી છે.

### ન્યૂઝ બ્રિફ



### બાંગ્લાદેશ સામેની ટી-૨૦ સિરીઝમાં ગિલને આરામ આપવામાં આવશે

। નવીદિલ્હી, તા.૧૬ ।

ભારતીય વાઈસ કેપ્ટન શુભમન ગિલને બીસીસીઆઈની વર્કલોડ મેનેજમેન્ટ પોલિસી હેઠળ બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની ટી ૨૦ સિરિઝમાં આરામ આપવામાં આવશે.પંજાબનો ૨૫ વર્ષીય બેટ્સમેન ગિલ ત્રણેય ફોર્મેટમાં ટીમનો મહત્વનો સભ્ય છે. ત્રણ મેચોની શ્રેણી ૭ ઓક્ટોબરથી ગ્વાલિયરમાં શરૂ થશે. બીજી મેચ ૧૦ ઓક્ટોબરે દિલ્હીમાં અને ત્રીજી મેચ ૧૩ ઓક્ટોબરે હૈદરાબાદમાં રમાશે. ભારત તેની આંતરરાષ્ટ્રીય સીઝનની શરૂઆત ૧૯ સપ્ટેમ્બરથી ચેન્નાઈમાં બાંગ્લાદેશ સામે બે ટેસ્ટ મેચની શ્રેણીથી કરશે.બીજી ટેસ્ટ ૨૭ સપ્ટેમ્બરે કાનપુરમાં રમાશે. ટેસ્ટ મેચોમાં ભારત માટે ત્રીજા નંબરે બેટિંગ કરનાર ગિલ રોહિત, કોહલી અને યશસ્વીની સાથે ટીમના ટોપ ઓર્ડરમાં મહત્વનો ખેલાડી છે.

### છોકરીને ઘરે બોલાવીને બળાત્કાર ગુજાર્યો, , ટીએમસી નેતાની ધરપકડ

। કોલકતા, તા.૧૬ ।

બળાત્કારના આરોપમાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નારાયણ મિત્રા પણ ટ્રેડ યુનિયન લીડર છે. આરોપ છે કે તેણે તેના ઘરે યુવતી પર બળાત્કાર કર્યો હતો. પીડિતાના પરિવારનું કહેવું છે કે આરોપી તેના બાંકુરા સ્થિત ઘરે બે-ત્રણ દિવસ સુધી યુવતીનું યૌન શોષણ કર્યું. આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે. જ્યારે ટીએમસીએ તેમને ટ્રેડ યુનિયનમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર હાલમાં આરજી કર હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના કેસમાં તપાસ હેઠળ છે. પશ્ચિમ બંગાળ સહિત દેશભરના તબીબોમાં રોષ છે. શનિવારે મમતા બેનર્જી ડૉક્ટરોને મળ્યા હતા, જો કે આ બેઠક અનિર્ણિત રહી. બેઠકમાં હાજરી આપવા માટે ડૉક્ટર બેનર્જીના નિવાસસ્થાને પહોંચ્યા હતા.ડોકટરોએ માંગ કરી હતી કે આ મીટીંગનું લાઈવ સ્ટ્રીમીંગ થવુ જોઈએ.

## ઈદ-એ-મિલાદની રજામાં બદલાવ, ગણેશ વિસર્જનને લઈને મુસ્લિમોએ નિર્ણય બદલ્યો

। મુંબઇ, તા.૧૬ ।

મહારાષ્ટ્ર સરકારે ઈદ-એ-મિલાદની રજા ૧૬ સપ્ટેમ્બરથી બદલીને ૧૮ સપ્ટેમ્બર કરી છે. સત્તાવાર નિવેદન અનુસાર, મુસ્લિમ સમુદાયે ૧૬મીને બદલે ૧૮મી સપ્ટેમ્બરે ઈદનું જુલુસ કાઢવાનો નિર્ણય કર્યો છે. અનંત ચતુર્દશી પણ ૧૭ સપ્ટેમ્બરે છે. ગણેશ પૂજાનો આ છેલ્લો દિવસ છે. આવી સ્થિતિમાં તંત્રને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.અધિકારીઓનું કહેવું છે કે સ્થાનિક કલેક્ટર ત્યાંની પરિસ્થિતિ અનુસાર અલગ-અલગ જિલ્લામાં ઈદની રજાઓ ફરીથી શેડ્યૂલ કરી શકે છે.

## રાજસ્થાનમાં ગમખ્વાર અકસ્માતમાં ૯ના મોત અને ૧૫ ઘાયલ

। સિરોહી, તા.૧૬ ।

રાજસ્થાનના સિરોહી જિલ્લાના પિંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કંટાલ પાસે રવિવારે રાત્રે ટ્રક અને તૂફાન ટેક્સી (જીપ) વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. સોમવાર સવાર સુધીમાં આ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે જેમાં ૧ બાળક, ૩ મહિલા અને ૫ પુરૂષનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૧૫ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ગંભીર રીતે ઘાયલ બે લોકોને ઉદયપુરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. એક મૃતકની ઓળખ શિવગંજના રહેવાસી તરીકે અને એક મૃતકની ઓળખ સુમેરપુરના રહેવાસી તરીકે થઈ છે. જ્યારે અન્ય તમામ લોકો ઉદયપુર જિલ્લાના ઓગાના પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હતા. માહિતી બાદ ધારાસભ્ય સમારામ ગરાસિયા, જિલ્લા કલેક્ટર અલ્પા ચૌધરી અને એસપી અનિલ કુમાર બેનીવાલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. દરમિયાન ધારાસભ્ય સમારામ ગરાસિયાએ આ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોને યોગ્ય સારવાર માટે સૂચના આપી હતી.સીઓ પિંડવાડા ભંવરલાલ ચૌધરીએ જણાવ્યું કે પોલીસ અધિકારી હમીર સિંહ ભાટી અને અન્ય પોલીસ અધિકારીઓ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચ્યા.

**કોલકાતા બળાત્કાર-હત્યા કેસ** | **ઘોષને 'પોલિગ્રાફ' ટેસ્ટ અને 'લેયર્ડ વોઇસ એનાલિસિસ' કરવામાં આવ્યા હતા**

# પોલીગ્રાફ ટેસ્ટમાં સંદીપ ઘોષ ખોટું બોલ્યા :સીબીઆઇ

। કોલકતા, તા.૧૬ ।

આરજી કાર મેડિકલ કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષે તેમના 'પોલિગ્રાફ' ટેસ્ટ અને 'લેયર્ડ વૉઈસ એનાલિસિસ' દરમિયાન, મહિલા ડૉક્ટર પર કથિત બળાત્કાર અને હત્યાની ઘટના સાથે સંબંધિત મહત્વપૂર્ણ પ્રશ્નોના "ભ્રામક" જવાબો આપ્યા હતા. અધિકારીઓએ આ માહિતી આપી હતી. 'લેયર્ડ વોઈસ એનાલિસિસ' એ એક નવો પ્રકારનો જૂઠાણું શોધવાની કસોટી છે. આરોપી જ્યારે જૂઠું બોલે છે ત્યારે તેની પ્રતિક્રિયા જાણવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જો



કે, તે અસત્યને ઓળખી શકતું નથી. આ ટેક્નોલોજી અવાજમાં તણાવ અને ભાવનાત્મક સંકેતોને ઓળખે છે.આ કેસની તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશને ૨ સપ્ટેમ્બરે હોસ્પિટલમાં નાણાકીય ગેરરીતિઓના સંબંધમાં ઘોષની ધરપકડ કરી હતી. ફેડરલ તપાસ એજન્સીએ પાછળથી તેની સામે પુરાવા સાથે ચેડા કરવાના આરોપો ઉમેર્યા. પૂછપરછ દરમિયાન, ઘોષને 'પોલિગ્રાફ' ટેસ્ટ અને 'લેયર્ડ વૉઈસ એનાલિસિસ' કરવામાં આવ્યા હતા. નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અહેવાલ મુજબ, વિકાસથી વાકેફ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેસ સંબંધિત "કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ગેરમાર્ગે દોરનારો" તેમનો પ્રતિસાદ મળ્યો હતો. તેમણે કહ્યું કે 'પોલીગ્રાફ' ટેસ્ટ દરમિયાન મેળવેલી માહિતીનો ઉપયોગ ટ્રાયલ દરમિયાન પુરાવા તરીકે કરી શકાતો નથી, પરંતુ એજન્સી તેનો ઉપયોગ પુરાવા એકત્રિત કરવા માટે કરી શકે છે જેનો ઉપયોગ કોર્ટમાં થઈ શકે છે.પોલીગ્રાફ ટેસ્ટ શંકાસ્પદ અને સાક્ષીઓના નિવેદનોમાં અસંગતતાનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી શકે છે. તેમના મનોવૈજ્ઞાનિક પ્રતિભાવો-હૃદયના ધબકારા, શ્વાસ લેવાની રીત, પરસેવો અને બ્લડ પ્રેશરનું નિરીક્ષણ કરીને તપાસકર્તાઓ નક્કી કરી શકે છે કે તેમના પ્રતિભાવમાં વિસંગતતા છે કે કેમ.સીબીઆઈએ આરોપ લગાવ્યો છે કે ઘોષને ૯ ઓગસ્ટના રોજ સવારે ૯.૫૮ વાગ્યે મહિલા ડૉક્ટર સાથે કથિત બળાત્કાર અને હત્યાની માહિતી મળી હતી.

આરોપી મહિને ૩૦ થી ૬૦ વિઝા બનાવતો હતો

# દેશમાં ૩૦૦ કરોડ રૂપિયાના મોટા વિઝા કૌભાંડનો પર્દાફાશ થયો!

**પોલીસે ૫૦૦૦ નકલી વિઝા બનાવવા માટે છ લોકોની ધરપકડ કરી, આ રેકેટ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ચારથી પાંચ હજાર નકલી વિઝા આપવામાં આવ્યા હતા**

। નવીદિલ્હી,તા.૧૬ ।

દેશમાં ૩૦૦ કરોડ રૂપિયાના મોટા વિઝા કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ સૌથી મોટા કૌભાંડમાં પોલીસે ૫૦૦૦ નકલી વિઝા બનાવવા માટે છ લોકોની ધરપકડ કરી છે. નકલી સ્વીડિશ વિઝા પર ઈટાલી જતો હરિયાણાનો સંદીપ બીજી સપ્ટેમ્બરે દિલ્હી એરપોર્ટ પર ઈમિગ્રેશન ચેકિંગ દરમિયાન ઝડપ ાયો હતો. પૂછપરછ દરમિયાન તેના ગામના અનેક લોકો આવા નકલી વિઝા પર વિદેશ ગયા હોવાનું બહાર આવ્યું હતું.સંદીપે આપેલી માહિતીના આધારે દિલ્હીમાં નકલી વિઝા રેકેટનો પર્દાફાશ થયો છે. આ રેકેટ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ચારથી પાંચ હજાર નકલી વિઝા આપવામાં આવ્યા હતા અને ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવામાં આવી હતી. સંદીપે જણાવ્યું કે તેણે આસિફ અલી નામના એજન્ટ પાસેથી ૧૦ લાખ રૂપિયા આપીને નકલી વિઝા મેળવ્યા હતા. આ માહિતી મળ્યા બાદ પોલીસે આસિફ અલી અને તેના સહયોગી શિવા ગૌતમ અને નવીન રાણાની ધરપકડ કરી હતી. શિવા ગૌતમ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે આ ગેંગ સાથે સંકળાયેલા અન્ય બેએજન્ટોબલબીરસિંહઅનેજસવિંદર સિંહની ધરપકડ કરવામાં આવી હતી. બંનેની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે દિલ્હીના તિલક નગર વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં ઘણા દેશોના નકલી વિઝા બનાવવામાં આવતા હતા. આ ફેક્ટરી મનોજ મોંગા નામની વ્યક્તિ ચલાવતો હતો. ત્યારબાદ પોલીસે તિલક નગર સ્થિત આ ફેક્ટરીમાં દરોડો પાડી મનોજ મોંગાની ધરપકડ કરી હતી. તેણે ગ્રાફિક ડિઝાઈનમાં ડિપ્લોમા કર્યું છે. મનોજ પાંચ વર્ષ પહેલા જયદીપ સિંહ નામના એક વ્યક્તિને મળ્યો હતો અને તેણે તેને નકલી વિઝા બનાવવા માટે તેના ગ્રાફિક ડિઝાઈન જ્ઞાનનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, તે દર મહિને ૩૦ થી ૬૦ વિઝા બનાવતો હતો.

પૂર્વ રાષ્ટ્રપતિ નજીકમાં જ હાજર હતા

# અમેરિકાના ફ્લોરિડા પામ બીચમાં ડોનાલ્ડ ટ્રમ્પના ગોલ્ફ કોર્સમાં એકે-૪૭થી ફાયરિંગ

**આ ઘટનાની તપાસની જવાબદારી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને સોંપવામાં આવી છે, એફબીઆઈએ કહ્યું કે તે આ ઘટનાની તપાસ "હત્યાના પ્રયાસ" તરીકે કરી રહી છે**

। વોશિંગ્ટન, તા.૧૬ ।

ફ્લોરિડાના પામ બીચમાં ટ્રમ્પ ગોલ્ફ ક્લબની બહાર રવિવારે ફાયરિંગની માહિતી સામે આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિપ બ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ ઘટના બાદ એફબીઆઈ અને સિક્રેટ સર્વિસ ટ્રમ્પ ગોલ્ફ કોર્સની આસપાસ બ્રીફિંગ કરી રહી છે. આ ઘટનાની તપાસની જવાબદારી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન ને સોંપવામાં આવી છે. એફબીઆઈએ કહ્યું કે તે આ ઘટનાની તપાસ "હત્યાના પ્રયાસ" તરીકે કરી રહી છે.સિક્રેટ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના ૨



વાગ્યા પહેલા બની હતી. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે કથિત ગોળીબાર પૂર્વ રાષ્ટ્રપતિ પર કરવામાં આવ્યો હતો કે નહીં. સિક્રેટ સર્વિસના અધિકારીઓના જણાવ્યા અનુસાર ટ્રમ્પ સંપૂર્ણપ ણે સુરક્ષિત છે. આ અંગે તેઓએ તપાસ પણ શરૂ કરી છે.ટ્રમ્પના પ ુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે સ્થાનિક કાયદા અમલીકરણને ટાંકીને જણાવ્યું હતું કે ઝાડીઓમાંથી એક એકે-૪૭રાઈફલ મળી આવી હતી અને એક શંકાસ્પદની ધરપ કડ કરવામાં આવી હતી.ધ ન્યૂ યોર્ક પોસ્ટે કાયદા અમલીકરણ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે રિપ બ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે એક ઘટના બાદ સુરક્ષિત હતા જેમાં તેમના ફ્લોરિડા ગોલ્ફ ક્લબની બહાર બે લોકોને ગોળી મારી દેવામાં આવી હતી.એફબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે એજન્સીએ "વેસ્ટ પામ બીચ, ફ્લોરિડામાં પ્રતિક્રિયા આપી છે અને જાણ કરી છે કે તે આ ઘટનાની તપાસ કરી રહી છે. એજન્સીએ કહ્યું કે આ ઘટના ભૂતપૂર્વ રાષ્ટ્રપ તિ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ હોય તેવું લાગે છે.""શંકાસ્પદ વ્યક્તિ પાસે એક એકે-૪૭ રાઈફલ પણ હતી," એક પ્રેસ બ્રીફિંગમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે સિક્રેટ સર્વિસે શંકાસ્પદને ઓછામાં ઓછા ચાર ગોળી ચલાવી હતી હુમલાખોરે ગોળીબાર કર્યો હતો કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ અને ફોક્સ ન્યૂઝે કાયદા અમલીકરણ અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે.

## ન્યૂઝ બ્રિફ



બહેન અર્પિતા પણ 'ભાઈજાન' સાથે જોવા મળી

### મુખ્યમંત્રી શિંદેના ઘરે સલમાન ખાને ગણેશજીની પૂજા કરી

। મુંબઇ, તા.૧૬ ।

બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન ગણેશ ચતુર્થીની ઉજવણી કરવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના મુંબઈ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા. સલમાનની સાથે તેની બહેન અર્પિતા ખાન પણ હતી. અગાઉ સલમાન ખાને મુકેશ અંબાણી અને નીતા અંબાણીના ઘરે પણ ગણેશ ઉત્સવમાં ભાગ લીધો હતો.સીએમ શિંદેએ ઈન્સ્ટાગ્રામ પર સુપરસ્ટાર સાથે ગણેશ પૂજાની તસવીરો શેર કરી હતી. તસવીરોમાં સલમાન બ્લુ શર્ટ અને મેચિંગ જીન્સમાં જોઈ શકાય છે. અર્પિતાને પણ પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરવામાં આવી હતી.અગાઉ, મૂર્તિ વિસર્જન સમારોહનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં અર્પિતા ખાન, તેના પતિ આયુષ શર્મા અને ભાઈઓ સોહેલ ખાન, અરબાઝ ખાન, અરહાન, નિર્વાણ અને અલીઝેહ અગ્નિહોત્રી સહિત સમગ્ર ખાન પરિવાર આ સમારોહ દરમિયાન ખુશીથી ડાન્સ કરતા જોવા મળ્યા હતા.



### મારા ગુરુએ ફિલ્મનું નિર્દેશન કર્યું હતું : ઐશ્વર્યા

। મુંબઇ, તા.૧૬ ।

ઐશ્વર્યા રાયે સાઉથ ઈન્ડિયન ઈન્ટરનેશનલ મૂવી એવોર્ડ્સમાં મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેત્રી (ક્રિટિક) એવોર્ડ જીત્યો હતો. તેમને આ એવોર્ડ પોન્નિયિન સેલવાન ૨ માટે આપવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં તેણે ડબલ રોલ ભજવ્યો છે. આ ખાસ અવસર પર ઐશ્વર્યા રાય પણ ભાષણ આપતી જોવા મળી હતી. આ દરમિયાન તેમની પુત્રી આરાધ્યા પણ ફંક્શનમાં હાજર રહી હતી.ઐશ્વર્યા રાયે એવોર્ડ જીત્યા બાદ સાઉથ ઈન્ડિયન ઈન્ટરનેશનલ મુવી એવોર્ડ્સનો આભાર માનીને પોતાના ભાષણની શરૂઆત કરી હતી. તેણે કહ્યું કે મને એવોર્ડથી સન્માનિત કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર. આ મારા માટે ઘણો અર્થ છે, કારણ કે આ ફિલ્મ મારા દિલની ખૂબ જ નજીક હતી. પોન્નિયિન સેલ્વન, જેનું નિર્દેશન મારા ગુરુ મણિરત્નમે કર્યું હતું. નંદિની તરીકેનું મારું કામ આમાં સર્વશ્રેષ્ઠ અભિનેત્રી માટે સન્માનિત થવું એ ખરેખર ફિલ્મની સમગ્ર ટીમના કામની ઉજવણી છે.

## કેજરીવાલ આજે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે

। નવીદિલ્હી, તા.૧૬ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે રાજીનામું આપે તેવી શક્યતા છે. તેમણે સોમવારે કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) વીકે સક્સેનાને મળવા માટે સમય માંગ્યો છે. આપના રાષ્ટ્રીય કન્વીનરે રવિવારે (૧૫ સપ્ટેમ્બર) જાહેરાત કરી કે તેઓ બે દિવસમાં તેમનાપદ પરથીરાજીનામુંઆપશેઅને રાષ્ટ્રીય રાજધાનીમાં વહેલી ચૂંટણીની માંગ કરશે. અહીં ગોપાલ રાય અને કૈલાશ ગેહલોત અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે. તેની સાથે આતિશી, સૌરભ ભારદ્વાજ, મનીષ સિસોદિયા અને રાખી બિરલા પણ પહોંચી ગયા છે.સીએમ કેજરીવાલે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે, આ સંબંધમાં તેમણે એલજી વીકે સક્સેનાને મળવા માટે સમય માંગ્યો છે. આવતીકાલે એલજી સચિવાલયમાં સાંજે ૪.૩૦ કલાકે મુખ્યમંત્રીની બેઠક યોજાશે. આ બેઠકમાં તેઓ લેફ્ટનન્ટ ગવર્નરને પોતાનું રાજીનામું સુપરત કરી શકે છે.દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાંથી જામીન પર છૂટ્યાના દિવસો પછી, પક્ષના કાર્યકરોને સંબોધતા કેજરીવાલે રવિવારે જાહેરાત કરી હતી.

ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સૌને ચોંકાવી દીધા

## હુથિઓએ પ્રથમ વખત બેલેસ્ટિક મિસાઈલ વડે ઇઝરાયેલ ઉપર હુમલો કર્યો

**ઈઝરાયેલની આયર્ન ડોમ અને અન્ય એર ડિફેન્સ સિસ્ટમ આ બેલેસ્ટિક મિસાઈલ સામે બિનઅસરકારક સાબિત થઈ છે**

। તેલઅવીવ, તા.૧૬ ।

ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સૌને ચોંકાવી દીધા છે અને પ્રથમ વખત ઈઝરાયેલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો છે. ખાસ વાત એ છે કે ઈઝરાયેલની આયર્ન ડોમ અને અન્ય એર ડિફેન્સ સિસ્ટમ આ બેલેસ્ટિક મિસાઈલ સામે બિનઅસરકારક સાબિત થઈ છે. જોકે, સદનસીબે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને મિસાઈલ ખુલ્લા મેદાનમાં પડી હતી. હુથી વિદ્રોહીઓના આ હુમલાથી પશ્ચિમ એશિયામાં તણાવ વધવાની સંભાવના વધી ગઈ છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ધમકી આપી છે કે હુથી વિદ્રોહીઓએ આ હુમલાની ભારે કિંમત ચૂકવવી પડશે.હુતી વિદ્રોહીના પ્રવક્તા યાહ્યા સરિયાએ કહ્યું છે, જેણે માત્ર સાડા ૧૧ મિનિટમાં ૨૦૪૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે મિસાઈલ સંભવતઃ હવામાં નાશ પામી હતી અને તેના ટુકડા ખેતરોમાં અને રેલવે સ્ટેશનની નજીકથી મળી આવ્યા હતા. આ હુમલો સ્થાનિક સમય અનુસાર સવારે ૬.૩૫ કલાકે થયો હતો. આ હુમલાએ તેલ અવીવ અને સમગ્ર મધ્ય ઇઝરાયેલમાં સાયરન વાગવા માટે પ્રેરિત કર્યા, લોકોને સલામત સ્થળોએ છુપાઈ જવા માટે પ્રોત્સાહિત કર્યા. આશ્ચર્યની વાત એ છે કે ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમ આયર્ન ડોમ પણ આ હુમલાને રોકવામાં નિષ્ફળ રહી.હુથીઓના હુમલા પર ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ ચેતવણી આપી હતી કે ઈરાન સમર્થિત હુથી બળવાખોરોને આ હુમલાની ભારે કિંમત ચૂકવવી પડશે.

દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ

# ઉત્તર પ્રદેશમાં વરસાદના કારણે સર્જાયેલી ઘટનાઓમાં ૧૪ના મોત

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના ઘણા ભાગોમાં ભારે વરસાદની સંભાવના । ભારે વરસાદથી પાણી ભરાવા અને માર્ગ અકસ્માતની શક્યતા વધી શકે**

। નવીદિલ્હી, તા.૧૬ ।

દેશના ઘણા ભાગોમાં હજુ પણ વરસાદી માહોલ જારી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવે ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાની અસર ઓછી થતી જોવા મળી રહી છે. બિહાર અને ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની સંભાવના છે. રાજધાની દિલ્હીમાં હવે વરસાદની શક્યતા ઓછી છે. તેમજ આજે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ જોવા મળી શકે છે. દિલ્હી ઢ્ઢઇ આજે વાદળછાયું રહેશે અને બહુ ઓછા વરસાદની શક્યતા છે. હવામાન શુષ્ક અને આંશિક વાદળછાયું રહેશે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા



અનુસાર આજે બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના ઘણા ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે. ભારે વરસાદથી પાણી ભરાવા અને માર્ગ અકસ્માતની શક્યતા વધી શકે છે. ખાસ કરીને બિહાર અને ઝારખંડમાં ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે જનજીવન પ્રભાવિત થઈ શકે છે.ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અતિશય વરસાદના કારણે અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદના કારણે અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે. રાજ્યના વોટરશેડ વિસ્તારોમાં વ્યાપક વરસાદ અને ડેમમાંથી પાણી છોડવાના કારણે ગંગા, શારદા અને ઘાઘરા સહિતની અનેક નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. ૨૪ કલાકમાં 'અતિશય વરસાદ'ને કારણે ૧૦ લોકોના મોત થયા છે.

## માઈકલ જેક્સનના ભાઈ ટીટો જેક્સનને ડ્રાઈવિંગ દરમિયાન હાર્ટ એટેક આવ્યો

। વોશિંગ્ટન, તા.૧૬ ।

લોકપ્રિય પોપ ગ્રુપ ધ જેક્સન ૫ બનાવનાર ભાઈઓમાંના એક ટીટો જેક્સનનું ૭૦ વર્ષની વયે અવસાન થયું છે. જેક્સન ૫ રિવારમાં કુલ ૯ બાળકો હતા જેમાંથી ટીટો જેક્સન ત્રીજા ક્રમે હતા. સુપરસ્ટાર માઈકલ અને બહેન જેનેટ પણ આ ૫ રિવારના લોકપ્રિય ગાયકો હતા. જો કે, નોંધનીય છે કે માઈકલ જેક્સનના તમામ ભાઈઓ અને બહેનો સંગીત ઉદ્યોગ સાથે જોડાયેલા રહ્યા અને ૫ રિવારને સંગીત ઉદ્યોગમાં એક લોકપ્રિય પરિવાર બનાવ્યો. ટીટો જેક્સનના પુત્રો ટીજે, તાજ અને ટેરિલે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું હતું કે તેમના પિતા હવે નથી.

## ૭૦થી ૮૦ આતંકવાદીઓ ઘૂસણખોરી માટે એલઓસી પર કેમ્પ કર્યા

। જમ્મુ, તા.૧૬ ।

જમ્મુ-કાશ્મીરમાં દસ વર્ષ પછી યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને પાકિસ્તાનમાં ગભરાટનો માહોલ છે. છેલ્લા એક સપ્તાહમાં સરહદ પારથી ત્રણ વખત આતંકી ઘૂસણખોરીના પ્રયાસો કરવામાં આવ્યા છે. એકવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. આતંકવાદીઓ સાથે ત્રણ વખત એકાઉન્ટર થયું હતું. આ ઘટનાઓએ ૧૮ સપ્ટેમ્બરે યોજાનાર મતદાનને લઈને ચિંતા વધારી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૭૦થી ૮૦ આતંકવાદીઓ ઘૂસણખોરી માટે એલઓસી પર કેમ્પ કરી રહ્યા છે, જેઓ પાકિસ્તાની રેન્જર્સ અને આર્મીના મોરચામાં બેઠા છે. ૫ ાકિસ્તાની સેના આ આતંકીઓને ઘુસણખોરીમાં મદદ કરી રહી છે.ભૂતપૂર્વ સંરક્ષણ નિષ્ણાત નિવૃત્ત બ્રિગેડિયર વિજય સાગર માને છે કે પાકિસ્તાન કોઈપણ ભોગે લોકસભાની ચૂંટણીમાં વિક્ષેપ પાડવા માંગે છે, કારણ કે છેલ્લી લોકસભા ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતદાન થયું હતું. અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કર્યા ૫ છી પહેલીવાર વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી હોવાથી ૫ ાકિસ્તાન તેમાં વિક્ષેપ ઉભો કરવા માંગે છે.

૧૧ પાવર પ્રોજેક્ટ અટક્યાં | શનિવાર સાંજથી કસૌલીમાં સૌથી વધુ ૫૩ મીમી વરસાદ નોંધાયો

# હિમાચલમાં ભારે વરસાદ બાદ ૩૮ રસ્તા બંધ કરાયા

। હિમાચલ પ્રદેશ, તા.૧૬ ।

હિમાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોમાં સતત વરસાદ બાદ ૩૮ રસ્તાઓ બંધ થઈ ગયા છે જ્યારે ૧૧ પાવર પ્રોજેક્ટ પણ અટકી પડ્યા છે. હવે હવામાન વિભાગે ફરી એકવાર ૬ જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. આપને જણાવી દઈએ કે ધરમપુરમાં ૨૬ મીમી, રેણુકામાં ૨૦, ચંબામાં ૧૧, કારસોગમાં ૧૦, કલ્પામાં ૮.૫, નાહનમાં ૭.૯, સરાહનમાં ૬ અને ધર્મશાળા અને કાંગડામાં ૫.૮ મીમી વરસાદ નોંધાયો છે.



હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ રાજ્યમાં ૩૮ રસ્તાઓ બંધ થઈ ગયા છે જ્યારે ૧૧ પાવર સપ્લાય પ્રોજેક્ટ પણ ખોરવાઈ ગયા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપ રેશન સેન્ટર (જીઈઝ્ર) એ રવિવારે જણાવ્યું કે હિમાચલ પ્રદેશમાં વરસાદ બાદ ત્રણ ડઝનથી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે.બુધવારે, સ્થાનિક હવામાન વિભાગે રાજ્યના છ જિલ્લાઓમાં વિવિધ સ્થળોએ વાવાઝોડા અને વીજળીના ચમકારાની 'પીળી' ચેતવણી જારી કરી હતી, જેના કારણે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. હવામાન વિભાગે પણ રાજ્યમાં ૨૧ સપ્ટેમ્બર સુધી વરસાદની આગાહી કરી છે.ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ્યના કેટલાક ભાગોમાં સતત વરસાદ ચાલુ છે, શનિવાર સાંજથી કસૌલીમાં સૌથી વધુ ૫૩ મીમી વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ધરમપુરમાં ૨૬ મીમી, રેણુકામાં ૨૦, ચંબામાં ૧૧, કારસોગમાં ૧૦, કલ્પામાં ૮.૫, નાહનમાં ૭.૯, સરાહનમાં ૬ અને ધરમશાળા અને કાંગડામાં ૫.૮ મીમી વરસાદ નોંધાયો છે.જીઈઝ્ર અનુસાર, કાંગડામાં મહત્તમ ૧૦ રસ્તાઓ બંધ છે, ત્યારબાદ શિમલા અને મંડીમાં આઠ-આઠ, લાહૌલ અને સ્પ ીતિમાં પાંચ, કુલ્લુ અને કિન્નૌરમાં ત્રણ-ત્રણ અને સિરમૌરમાં એક. વર્તમાન ચોમાસાની મોસમ દરમિયાન, ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધી વરસાદની ખાધ ૧૮ ટકા છે, રાજ્યમાં સરેરાશ ૬૮૯.૬ મીમીની સામે ૫૬૨.૯ મીમી વરસાદ નોંધાયો છે.

૮૨ લાખનો મુદ્દામાલ કબજે

એએનસીના ઘાટકોપર યુનિટે માહિતીને આધારે એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ ગેરકાયદે વેચતા બે શખ્સોની માનખુર્દથી ધરપકડ કરી હતી

# મુંબઈ નજીકના થાણેમાંથી એમડી ડ્રગ્સ બનાવવાનું કારખાનું ઝડપાયું

। મુંબઇ, તા.૧૬ ।

મુંબઈ એન્ટી નાર્કોટિક્સ સેલના અધિકારીઓ મુંબઈના માનખુર્દ અને થાણેના બદલાપુરમાંથી ૩૩ લાખની કિંમતના મેફેડ્રોન મળીને રૂ.૮૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. એએનસીના ઘાટકોપર યુનિટે માહિતીને આધારે એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ ગેરકાયદે વેચતા બે શખ્સોની માનખુર્દથી ધરપ કડ કરી હતી. તેમની પાસેથી પોલીસે રૂ.૨૧,૨૦,૦૦૦ ની કિંમતનો એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.આ બન્ને આરોપીની ૫ ૂછપરછ કરવામાં આવતા અન્ય એક શખ્સનું નામ બહાર આવ્યું હતું.પોલીસે તેની ધરપ કડ કરીને પુછપરછ કરતા કરતા બદલાપુર કર્જત હાઈવે પર એમડી ડ્રગ્સ બનાવવાનું



કારખાનું ચાલતું હોવાનું જણાવ્યું હતું. જેને આધારે પોલીસે આ કારખાના પર દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે એક શખ્સની ધરપ કડ કરી હતી. તપાસ કરતા આ શખ્સ બદલાપુરની એક કંપનીમાં પ્રોડક્શન મેનેજર તરીકે કામ કરતો હોવાનું બહાર આવ્યું હતું. તે સિવાય રસાયણ શાસ્ત્રનું ઉચ્ચ શિક્ષણ લીધું હોવાનું પણ બહાર આવ્યું હતું. પોલીસે આ કારખાનામાંથી રૂ.૩૩,૬૦,૦૦૦ ની કિંમતનો ૧ કિલો ૫૮૦ ગ્રામ એમડી ડ્રગ્સનો પાવડર તથા ૨૦૬ કિલોગ્રામનુ વિવિધ કેમિકલ કબજે કર્યા હતા. જેમાં લીકર એમોનિયા, ક્લોરોફોર્મ, વગેરે મળીને કુલ રૂ. ૮૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાદમાં પોલીસે આ કારખાનું સીલ કર્યું હતું. એએનસીના ઘાટકોપર યુનિટે માહિતીને આધારે એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ ગેરકાયદે વેચતા બે શખ્સોની માનખુર્દથી ધરપકડ કરી હતી.

## સક્કરબાગ ઝુમાં ૨ થી ૮ ઓક્ટોબર સુધી ફ્રીમાં એન્ટ્રી

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૬ ।

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જુનાગઢ શહેરમાં આવેલું પ્રાણી સંગ્રહાલય છે. આ પ્રાણી સંગ્રહાલય આઝાદી પહેલાં એટલે કે જુનાગઢ રાજ્યના નવાબના સમયમાં બનાવવામાં આવ્યું હતું. એશિયાઇ સિંહ આ પ્રાણી સંગ્રહાલયનું મુખ્ય આકર્ષણ છે. સક્કરબાગ આશરે ૧૯૮ હેક્ટરમાં ફેલાયેલું છે.

## આગામી બે દિવસ મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની આગાહી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ૧૬-૧૭ સપ્ટેમ્બરના દિવસે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડશે. જ્યારે ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયા કચ્છ સિવાયના તમામ જિલ્લામાં વરસાદી માહોલ રહેશે.

## વડોદરાવાસીએ પત્નીના દાગીના વેચીને બોટ ખરીદી

। વડોદરા, તા.૧૬ ।

સ્થાયી સમિતિના અધયક્ષ શીતલ મિસ્ત્રીએ પૂરથી બચવા તરાપા, દોરડા અને બોટ લેવાની લોકોને સલાહ આપી હતી. શીતલ મિસ્ત્રીની સલાહ વડોદરાવાસીએ રોષ સાથે માની છે. વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ સામ્રાજ્ય ટાઉનશિપમાં રહેતા રહીશે સ્થાયી સમિતિના અધ્યક્ષની સલાહ માની બોટ વસાવી છે. ચિરાગ બ્રહભટ્ટ નામના શખ્સે પત્નીના દાગીના ગીરવે મૂકી બોટ ખરીદી હોવાનો દાવો કર્યો છે.

## ગૌશાળા બનાવવા જમીન લેવાનુ કહીને રાજ્યવ્યાપી છેતરપિંડી

। અમદાવાદ,તા.૧૬ ।

રાજ્યમાં એક સુનિશ્ચિત મોડસ ઓપરેન્ડી સાથે ઓર્ગેનાઈઝ્ડ ગેંગ કાર્યરત છે. ધાર્મિક સંસ્થા કે ગૌશાળા બનાવવા સાધુને ખુબ મોટી જમીન લેવાની વાત કરી ખેડુત પાસેથી જમીન ખરીદાવીને ઉંચા ભાવે સાધુને વેચાવી આપવાની લાલચ આપી રાજ્યવ્યાપી છેતરપિંડી આચરતી ગેંગ સક્રિય થઈ છે. ગેંગના તમામ સભ્યોને કડકમાં કડક સજા થાય તે ઉદેશ સાથે સીઆઈડી ક્રાઈમને સમગ્ર કેસોની તપાસ સોંપવા નિર્ણય લીધો છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રો સેવાને લીલી ઝંડી આપી

# ભુજ-અમદાવાદ વંદે મેટ્રો 'નમો ભારત રેપિડ રેલ' તરીકે ઓળખાશે, ઉદ્‌ઘાટન પહેલા નામ બદલાયું

### આ ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ દોડશે : તેની મહત્તમ ઝડપ ૧૧૦ કિમી પ્રતિ કલાક હશે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૬ ।

ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી વંદે મેટ્રોનું નામ તેના ઉદઘાટનના કલાકો પહેલા જ બદલવામાં આવ્યું હતું. આ ટ્રેન હવે નમો ભારત રેપિડ રેલ તરીકે ઓળખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભુજ રેલ્વે સ્ટેશનથી ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી મેટ્રો સેવાને લીલી ઝંડી આપી હતી.

રેલવે પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ ટ્રેન ભુજથી અમદાવાદ સુધીનું ૩૫૯ કિલોમીટરનું અંતર ૫:૪૫ કલાકમાં કાપશે. તેમજ આ ટ્રેન નવ સ્ટેશનો પર ઉભી રહેશે. મંગળવારથી આ ટ્રેનમાં



મુસાફરો મુસાફરી કરી શકશે. તેમજ ભુજ અને અમદાવાદ વચ્ચેનું ભાડું રૂ.૪૫૫ રહેશે. રેલવે પ્રવક્તાએ જણાવ્યું કે રેલવે મંત્રાલયે વંદે મેટ્રો ટ્રેનનું નામ બદલીને નમો ભારત રેપિડ રેલ કરવાનો નિર્ણય લીધો છે. ટ્રેનમાં ૧૨ કોચ લગાવવામાં આવ્યા છે. આમાં ૧૧૫૦ મુસાફરો મુસાફરી કરી શકશે. ટ્રેનની સીટોને એર્ગોનોમિકલી ડિઝાઈન કરવામાં આવી છે. એરકન્ડિશન્ડ કેબિન પણ છે.

આ સંદર્ભમાં, રેલ્વે મંત્રાલયે કહ્યું છે કે જ્યારે અન્ય મેટ્રો ટૂંકા અંતરને આવરી લે છે, ત્યારે મેટ્રો ટ્રેન પેરિફેરલ શહેરોને શહેરના કેન્દ્ર સાથે જોડશે. આ ટ્રેન ભુજથી સવારે ૫.૦૫ કલાકે તેની મુસાફરી શરૂ કરશે અને તે જ દિવસે સવારે ૧૦.૫૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ પછી, તેની પરત ફરવા માટે તે અમદાવાદથી સાંજે ૫.૩૦ વાગ્યે ઉપડશે અને ૧૧.૧૦ વાગ્યે ભુજ પહોંચશે. આ ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ દોડશે. તેની મહત્તમ ઝડપ ૧૧૦ કિમી પ્રતિ કલાક હશે.રેલ્વે મંત્રાલયે કહ્યું છે કે એર્ગોનોમિકલી ડિઝાઈન કરેલી સીટો, સંપૂર્ણ એરકન્ડિશન્ડ કેબિન અને મોડ્યુલર ઈન્ટીરીયરની વિશેષતાઓ સાથે વંદે મેટ્રો અન્ય મેટ્રોની સરખામણીમાં સારી સાબિત થશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું

# પીએમ નરેન્દ્ર મોદીના સુશાસનમાં ગુજરાતની વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી

### મોદીના વિકાસ અને વિઝનનો લાભ ગુજરાતને છેલ્લા અઢી દાયકાથી મળી રહ્યો છે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ગુજરાત પ્રવાસના બીજા દિવસે, રૂપિયા ૮૦૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા નાગરિકોને સંબોધન કરતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી.

ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, સતત ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ, ગુજરાતની ધરતીના પનોતા



પૂત્ર અને વિશ્વના યશસ્વી નેતા એવા નરેન્દ્ર મોદી વતન ભૂમિ ગુજરાતમાં પહેલીવાર આવ્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકકલ્યાણના અનેક શિખરો સર કર્યા છે. નરેન્દ્ર મોદીના વિકાસ અને વિઝનનો લાભ ગુજરાતને છેલ્લા અઢી દાયકાથી મળી રહ્યો છે. વિશ્વની સૌથી મોટી એફર્ડેબલ હાઉસીગ યોજના અંતર્ગત ભારતના મધ્યમ અને ગરિબોને ચાર કરોડ લોકોને પોતાના ઘર મળ્યા છે અને વધુ ત્રણ કરોડ ઘર આપવાનો લક્ષ્યાંક સેવ્યો છે. ગુજરાતમાં ૫૦ હજાર મકાન આજે ફાળવાશે.

ગુજરાત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા જઈ રહ્યું છે. સૌર ઊર્જા અને રિન્યુબલ ઊર્જા ક્ષેત્રે ગુજરાતે મોટી સફળતા મળી છે. માળખાગત સુવિધાની સાથે મોર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવ્યું છે. અમદાવાદ અને ગાંધીનગર તેમજ ઈન્ફોગીફ્ટ સિટીને ટ્રાફિક મુક્ત વાહનવ્યવહાર મળ્યો છે. ભૂજ અમદાવાદ વચ્ચે વંદે મેટ્રો રેલ મળી રહી છે.

## સુરતમાં દોઢ વર્ષની બાળકી મેગ્નેટિક માળા ગળી ગઈ

। બ્યૂરો, સુરત, તા.૧૬ ।

બાળકો ગમે ત્યાં અને ગમે તે રીતે રમતાં હોય છે. તેમનું ધ્યાન રાખવું ખુબ જ જરૂરી છે. બાળકોની સારસંભાળ રાખવી ખૂબ જ જરૂરી છે. સુરતમાં માતા પિતા માટે લાલ બત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરતના ડીંડોલી વિસ્તારમાં એક આવી જ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. સુરતના ડીંડોલી વિસ્તારમાં દોઢ વર્ષની બાળકી મેગ્નેટિક માળા ગળી ગઈ હોવાની ઘટના સામે આવી છે. જે પછી બાળકીની તબિયત લથડી હતી. ત્યારબાદ તેણે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સ્મીમેર હોસ્પિટલમાં તેની સફળ સર્જરી કરવામાં આવી હતી.ડોક્ટરોએ બાળકીના આંતરડાની સર્જરી કરી બાળકનો જીવ બચાવી લીધો છે.



## પીએમ સૂર્યઘર યોજનાથી ૨૦ લાખથી વધુ રોજગારી ઊભી થશે

## વડાપ્રધાન મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'RE-INVEST-2024' સમિટ એન્ડ એક્સ્પોનો શાનદાર પ્રારંભ

# ૨૧મી સદીના ઇતિહાસમાં ભારતનો સૌરક્રાંતિનો અધ્યાય સુવર્ણ અક્ષરે લખાશે: પીએમ મોદી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મિટ અને એક્ષ્પોનો ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી શુભારંભ કરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જાના ભવિષ્ય, ટેક્નોલૉજી અને પોલિસીનિર્માણના ચિંતન પર્વ તરીકે ગણાવતા જણાવ્યું હતું કે એકબીજાના અનુભવ આધારિત આ વિચારમંથન વૈશ્વિક માનવતાના કલ્યાણ માટે લાભદાયી બનશે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, દેશમાં ૬૦ વર્ષ પછી જનતાએ કોઈ સરકારને સતત ત્રીજી વખત સત્તાનું સુકાન સોંપ્યું છે, એ જ દર્શાવે છે કે ૧૪૦ કરોડ દેશવાસીઓને સરકાર પર ભરોસો છે. કેન્દ્ર સરકારના છેલ્લાં ૧૦ વર્ષના સુશાસનમાં દેશના યુવાનો-મહિલાઓની આકાંક્ષાઓને જે પાંખો મળી છે, તેને નવી દિશાની ઉડાન માટે પ્રેરક બળ મળી રહેશે. દેશના ગરીબ, દલિત, શોષિત, પીડિત અને વંચિતોને ભરોસો છે કે તેમના ગરિમાપૂર્ણ જીવનનો પાયો બનશે.વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક સત્તા બનવા તરફ અગ્રેસર થવા માટે સમગ્ર દેશ આજે સંકલ્પ બદ્ધ થઈને કામ કરી રહ્યો છે. ત્યારે આજની ઈવેન્ટ ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણની સ્વપ્રસિદ્ધી તરફના પ્રયાણનો મક્કમ નિર્ધાર છે.



### ૧૦ વર્ષ દરમિયાન ચાર કરોડ આવાસોનું નિર્માણ

વડાપ્રધાને આ તકે જણાવ્યું કે કેન્દ્ર સરકાર દેશના દરેક પરિવારને છત મળે એ માટે મક્કમ છે. જેના માટે કેન્દ્ર સરકારે ૭ કરોડ આવાસ નિર્માણનું લક્ષ્ય નિર્ધારિત કર્યુ છે. જેમાંથી ગત ૧૦ વર્ષ દરમિયાન ચાર કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે આ ત્રીજી ટર્મમાં વધુ ત્રણ કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે.

### ગુજરાતે ક્લાયમેટ ચેન્જના વિભાગો શરૂ કર્યા

વડાપ્રધાને ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ જ ગુજરાતની ધરતી શ્વેત ક્રાંતિ, મધુ ક્રાંતિ બાદ સૌરક્રાંતિની પણ પ્રણેતા બની છે. ગુજરાતે જ દેશમાં સૌ પ્રથમ સોલાર પાવર પોલિસી બનાવવા અને ક્લાયમેટ ચેન્જના વિભાગો શરૂ કરવાની પહેલ કરી છે. આ મહાત્મા ગાંધીની એ ભૂમિ છે, જેમણે વર્ષો પહેલાં મિનિમમ કાર્બન ફૂટ પ્રિન્ટયુક્ત જીવનનું ઉદાહરણ આપી, સમગ્ર વિશ્વનું ધ્યાન પર્યાવરણ રક્ષા તરફ દોર્યું હતું,

### આશરે ૨૦ લાખ જેટલી રોજગારીનું નિર્માણ થશે

પીએમ સૂર્ય ઘર યોજના માત્ર વીજળી ઉત્પાદન જ નહિ, પરંતુ પર્યાવરણના જતન અને રોજગારી માટેનું વિશેષ માધ્યમ બનશે. આ યોજનાથી આશરે ૨૦ લાખ જેટલી રોજગારીનું નિર્માણ થશે. આ યોજના અંતર્ગત દેશના ૩ લાખ યુવાનોને કૌશલ્યવાન બનાવવામાં આવશે. સાથે જ, પ્રતિ ૩ કિલોવોટ વીજળી પેદા કરવાથી ૫૦ થી ૬૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઓમીશન ઘટશે.













**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya